|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ગુજરાતના માછીમાર સમુદાયનો માનવ પરિસ્થિતિશાસ્ત્રીય પરિચય

## (Human Ecological Introduction of Fishermen Community of Gujarat)

ડૉ. પરેશ ચૌહાણ

**સારાંશ** : હજીરાથી ઘોઘા વચ્ચેની રોરો ફેરી સર્વિસ સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત અને દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્રમાં અવરજવર કરતા પ્રવાસીઓ અને વેપારીઓ માટે સમય અને ખર્ચની બચતની દ્રષ્ટિએ મહત્વની બનતી જાય છે. વિકાસ થતો જશે તેમ તેમ દરિયાનું મહત્વ વધશે. વૈશ્વીકરણના આ યુગમાં હવે આપણા દેશમાં પહેલા કરતાં વધુ પરદેશી અને પરદેશમાં વસતા ભારતીયો આવવા લાગ્યા છે. તેમાંથી ઘણા લોકો અહીં માંસાહાર અને દરિયાઈ ફૂડનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. આથી માંસાહાર ખોરાક આપનારી રેસ્ટોરન્ટ, હોટલો વધી છે. ભારતમાં પણ લોકો પહેલાની તુલનામાં વધુ પ્રમાણમાં માંસાહાર કરવા લાગ્યા છે. આવી સ્થિતિમાં મત્સ્યોદ્યોગ વિકસિત હોવો જરૂરી છે. પરંતુ ભારતમાં માછીમારોનો સમાજ 'વંચિત' સમૂહ છે (ચૌહાણ : 2018)[1]. આ બાબતને સમજવા અહીં ગુજરાતના દરિયા કિનારા, બંદરો, મત્સ્યોદ્યોગ, જુદા-જુદા વિસ્તારોમાં માછીમાર સમુદાયો સંબંધિત માનવ પરિસ્થિતિશાસ્ત્રીય નિરીક્ષણો પ્રસ્તુત કર્યા છે. જે દ્વારા માછીમારોના સમુદાય વિશે વિસ્તૃત માહિતી આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

**ચાવીરૂપ શબ્દો (Key Words)** : દરિયા કિનારો (Sea Shore), બંદરો (Ports), માછીમારી વ્યવસાય (Fishing Occupation), મત્સ્યોદ્યોગ (Fisheries), સાગર ખેડુ (Sea Peasant), માછીમારો (Fishermen), પગડીયા, જલજીવો (Aquatics), ચેર (Mangroves), પ્રવાસન ઉદ્યોગ (Tourism Industry), ભારત (India), ગુજરાત (Gujarat), માનવ પરિસ્થિતિશાસ્ત્ર (Human Ecology) વગેરે

## પ્રસ્તાવના

[1] ચૌહાણ, પરેશ. "ભારતમાં વંચિતની વિભાવના-વ્યક્તિ અને રાજ્ય", સમાજકારણ, ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર, વર્ષ-12, જાન્યુઆરી-2018, અંક-1, પાન નં. 24-37

સમુદ્રની એકંદરે ઊંડાઇ 4000 મીટર ગણાય છે. જલ જીવોને રહેવા માટેનો સૌથી મોટો આવાસ દરિયો છે. પૃથ્વી પરના અતિસૂક્ષ્મથી માંડીને સૌથી મોટા જલ જીવનું અસ્તિત્વ સમુદ્રમાં છે. સમુદ્રમાં પાણીની સ્થિરતા અને એકરૂપતાને કારણે આ દરિયાઈ જળમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ તથા પ્રાણીઓ જોવા મળે છે. દુનિયામાં સૌથી વધુ મત્સ્ય ઉત્પાદન ઉત્તર-પશ્ચિમ પેસેફિક મહાસાગરમાં થાય છે. દુનિયામાં કેનેડા સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે.

રાષ્ટ્રીય સમુદ્ર વિજ્ઞાન સંસ્થાન, પણજી, ગોવાના નિર્દેશક ડૉ. એસ. ઝેડ. કાસિમ (1972)ની ગણતરી પ્રમાણે દરિયામાં વાસ કરતાં સજીવોની વસતિ નીચે મુજબ છે :

| **ક્રમ** | **જીલજવોના પ્રકારો** | **કરોડ ટન** |
|---|---|---|
| 1 | વનસ્પતિક સૂક્ષ્મજીવો (Phytoplantktons) | 20,000 |
| 2 | પ્રાણી સૂક્ષ્મજીવો (Zooplanktons) | 2000 |
| 3 | પ્રાણી સૂક્ષ્મજીવો પર નભતા પ્રાણીઓ | 200 |
| 4 | માંસાહાર સજીવો (Predatory Animals) | 20 |

(સ્રોત : મત્સ્યોદ્યોગ, ગુજરાતી વિશ્વકોષ, ખંડ-15, પાના નં.90)[2]

મોટાભાગના જળાશયો જાહેર માલિકીના હોવાથી જોખમ ખેડવા તૈયાર હોય તેવી કોઇપણ વ્યક્તિ ઔદ્યોગિક દ્રષ્ટિએ તેમાંથી લાભ ઉઠાવી શકે છે. ખેતી ખાનગી ઉદ્યોગ તરીકે વિકસાવ્યો છે. અનાજ, કપાસ, ફળફળાદિ જેવી વસ્તુઓનું ખેડીને અને વાવેતર કરીને ઉત્પાદન કરવું પડે છે, જ્યારે માછલી આદિ જળ સંપત્તિનો તો મોટાભાગે પકડવા માત્રથી જ લાભ ઉઠાવી શકાય છે. માછલીઓમાંથી મત્સ્ય-તેલ, મત્સ્ય ચુર્ણ (Fish Powder), સરેસ જેવી ચીજો પણ બનાવાય છે. દરિયાઈ શેવાળ (Algae)માંથી આયોડીન, એલ્ટિજનેટ જેવા રસાયણો ઉપરાંત અન્ય ઔષધીય પદાર્થો પણ મળે છે. પાણીમાં આવેલ ક્ષારને અનુલક્ષીને જળાશયોને દરિયાઇ, મીઠા (Fresh) અને ભાંભરા એમ ત્રણ પ્રકારોમાં વહેંચવામાં આવે છે. સમુદ્રને જીવનું પારણું કહે છે. આ બાબતથી જાણવા મળે છે કે દરિયાકિનારે પર્યાવરણનું મહત્ત્વ માનવ સમાજના પ્રારંભથી જ રહ્યું હશે. અને ત્યારબાદ ધીમે ધીમે ત્યાં મત્સ્યોદ્યોગ, બંદરો, ઔદ્યોગીકરણ, પ્રવાસન ઉદ્યોગ વિગેરે ભૌતિક – સાંસ્કૃતિક વિકાસ થયો હશે. મત્સ્યોદ્યોગની દ્રષ્ટિએ દુનિયાના અગ્રિમ દસ દેશોમાં અનુક્રમે જાપાન, ભારત, રશિયા, ચીન, યુ. એસ. એ., ચિલી, પેરૂ, દક્ષિણ કોરિયા, ઇન્ડોનેશિયા અને થાઇલેન્ડનો સમાવેશ થાય છે. વિશ્વના કેટલાક દેશો તો માત્ર દરિયાઈ વનસ્પતિ ઉપર જ નભે છે. કોરિયા, વિયતનામ, મલાયા, ચીન વગેરે દેશોમાં માછલી મુખ્ય ખોરાક છે. આપણા દેશમાં બહોળા પ્રમાણમાં લોકો માછલીનો ખોરાક તરીકે ઉપયોગમાં લે છે.

[2] દુબળે, મહાદેવ શિ., મત્સ્યોદ્યોગ, ગુજરાતી વિશ્વકોષ, ખંડ-15, પૃષ્ઠ-89-106.

મત્સ્યોદ્યોગ એ આર્થિક દ્રષ્ટિએ અગત્યના જલ સજીવોના ઉત્પાદન, વેચાણ સાથે સંકળાયેલ ઔદ્યોગિક સાહસ (Enterprise) છે. માછલી, ઝિંગા, કરચલા, છીપ જેવા જલજીવો માનવીનો અગત્યનો ખોરાક બને છે. મોતીછીપ જેવા પ્રાણીઓ ખોરાક તરીકે તો ઉપયોગી થાય જ છે, ઉપરાંત આર્થિક દ્રષ્ટિએ અગત્યનું એવું મોતીનું ઉત્પાદન પણ કરી આપે છે. છીપલાનું પણ ઉત્પાદન થાય છે. માછીમારોનો સમાજ એક વૈશ્વિક સમાજ છે અને માછીમારી એક એવો વ્યવસાય છે કે જે દરિયાઈ પર્યાવરણ ઉપર આધારિત છે. સમગ્ર વિશ્વમાં આવા સમુદાયોના જીવનને ટકાવી રાખવામાં, તેની વિશિષ્ટ જીવનશૈલી ઘડવામાં, સામાજિક – આર્થિક વિકાસની તરાહ નક્કી કરવામાં દરિયાઈ પર્યાવરણ ખૂબજ મહત્વની ભૂમિકા ભજવે છે. છતાં દરિયો એ ભયંકર અને અજાણ્યું એવું વાતાવરણ છે કે જેમાં માછીમાર પોતે એકલે હાથે જીવન ટકાવી રાખવા માટે સશક્ત છે. આ પર્યાવરણને બદલી શકાતું નથી. તેથી યાંત્રિક સાધનો વિકસાવીને, પોતાના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરીને તેને પોતાના ઉપયોગમાં લે છે. છતાં તેણે દરિયાઈ પરિસ્થિતિ અને મોસમને ધ્યાનમાં રાખવાં જ પડે છે.

દરિયાઈ તોફાનો, અકસ્માતો, યાંત્રિક ખામીઓ, આંતરિક કે બાહ્ય સંઘર્ષો વગેરેને કારણે માછીમારી વ્યવસાય સમગ્ર વિશ્વમાં જોખમી ધંધો ગણાયો છે. આ દ્રષ્ટિએ આ વ્યવસાયમાંથી મળતુ વળતર પણ અનિશ્ચિત કે અનઅપેક્ષિત હોય છે. કારણકે દરિયામાં વાવાઝોડુ, આંતરિક જળપ્રવાહો, માછલાનો તરલ સ્વભાવ અને તેને કારણે તેનો પાણીમાં જથ્થો, તેનું પ્રમાણ વગેરે જાણવું, માછલા પકડવા માટેની પ્રાદેશિક હદ – વિસ્તારોમાં ખુલ્લાપણુ, અસ્પષ્ટતાઓ, માછલાનું એક સામુહિક મિલકત તરીકેનું સ્વરૂપ વગેરે અનેક કારણોસર આ વ્યવસાય ઘણો જોખમી અને તકલીફો વાળો છે.

## સમાજવિજ્ઞાન અને સાહિત્યમાં માછીમારો

ઈસાઈઓના ધર્મગ્રંથ 'બાઈબલ' ના નવા કરારમાં માછીમારો વિષે જાણવા મળે છે. તેમાં માછીમારો માટે 'Fisher' શબ્દ વાપરવામાં આવ્યો છે. ઇસુખ્રિસ્તના 12 શિષ્યો માછીમાર હતા, જેમણે ઈસુએ ઈસાઈ ધર્મનો ઉપદેશ આપ્યો હતો. ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું હતું કે, "હું તમને માછલા પકડનાર નહી પણ માણસ પકડનાર કહીશ". આ શિષ્યોએ આગળ જતા ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કર્યો હતો. સંત પીટર, સંત પોલ, સંત માર્ક અને સંત યુહોનની સુવાર્તાના 4 પુસ્તકોમાં માછીમારોનો ઉલ્લેખ છે. આ ચારેય સંતો ઈસુના શિષ્યો હતા. આમ બાઈબલમાં માછીમારોનો ઉલ્લેખ જોવા મળે છે. સામાજિક અને વર્તન વિજ્ઞાનના આંતરરાષ્ટ્રીય જ્ઞાનકોષમાં માછીમાર સમાજના મુખ્ય પાંચ મુદ્દાઓ – માછીમારીની શ્રેણી, કુદરતી અને સામાજિક મોડલ, લૈંગિક ભૂમિકાઓ અને ઓળખ, પરિસ્થિતિશાસ્ત્રીય જ્ઞાન અને વ્યવસ્થાપનના સ્ત્રોત

વિશે વિસ્તૃત ચર્ચા કરી છે અને તેમાં માછીમારી વ્યવસાયને જીવન નિર્વાહનો પ્રાથમિક તબક્કો ગણાવ્યો છે. કેટલાક લોકો એમ માને છે કે દરિયા કિનારે હિંસક પ્રાણીઓનો ભય ન હોય એટલે એ પ્રારંભિક તબક્કો છે. પરંતુ આ બાબતને કોઇ સમર્થન પ્રાપ્ત નથી કારણ કે ત્યાં પ્રાણીઓના કોઇ અવશેષો જોવા મળતા નથી. તેથી એમ કહી શકાય નહીં કે આ પ્રથમ તબક્કો હશે, પરંતુ માછીમારોનું કામ સહેલું છે. તેથી તે જ માનવસમાજનો –પ્રારંભિક તબક્કો હશે. બીજુ માનવ સમાજમાં પ્રાણીઓ- મરઘાં, કૂતરા, ગાય, ભેંસ, બકરી પાળી તેના આધારે જીવનનિર્વાહ કરતો. આ રીતે એકબીજાની નિકટતાને કારણે તેઓ બંને માનવી અને પશુઓ એકબીજાનું નિરીક્ષણ કરે છે. તેમનો સંબંધ પ્રત્યક્ષ, મોઢામોઢનો છે. તેમાંથી એક પ્રકારની બંનેમાં વર્તન સભાનતા વિકસે છે. જયારે માણસ માછલીને અને માછલી માણસને જોઇ શકતી નથી. એટલે તેમનો સંબંધ અપ્રત્યક્ષ છે. કારણકે માછલી જાળ દ્વારા પકડાય છે. આમ, માછલીને ન જોઇ શકાતી હોવાથી તેની પાસે માછલીનું જ્ઞાન નહિવત હોય છે (જી. પોલ્સન : 5701-05)[3].

આ સિવાય પ્રાચીન સમયમાં ગુજરાતના દરિયાકિનારા પર અનેક બંદરીય નગરો હોવાના સાહિત્યીક, પુરાવશેષીય અને વિદેશી સંગ્રહીત પુરાવા ઉપલબ્ધ છે. પરંતુ તેમાંથી માછીમારી વ્યવસાય કે માછીમારો વિષે જાણવા મળતું નથી. ભારતીય સાહિત્યમાં માછીમારો વિષે કોઇ સાહિત્યકારે સાહિત્ય કરીને માછીમારોનો ઉલ્લેખ કર્યો હોય તેવું જોવા મળતું નથી. ભારતમાં શિક્ષણમાં પણ માછીમારો વિશે કંઇ ભણાવવામાં આવતું નથી. ધર્મગુરૂઓ, નેતાઓએ, ટ્રેડ યુનિયનોએ માછીમાર વિષયમાં રસ દાખવ્યો નથી. માછીમારોના પ્રશ્નો અંગે કોઈ લડવૈયા (Combatants)નો ઇતિહાસમાં ઉલ્લેખ જોવા મળતો નથી.

તેમના માતૃકલ્યાણ, બાળ કલ્યાણ, યુવાકલ્યાણ, વૃધ્ધકલ્યાણ, દંતયજ્ઞ, નેત્રયજ્ઞ વગેરે કાર્યક્રમો, તેમના સ્વાસ્થ્યના પ્રશ્નો, સ્વસહાયજૂથો, માછીમારીની મંડળીઓ, તેમની સંસ્કૃતિ, તેમની વોટબેંક વિષે પણ બહુ જાણવા મળતું નથી, તેઓ સાહિત્યની દ્રષ્ટિએ પણ ભારતમાં માર્જીનાલાઈઝ થઈ ગયેલા જોવા મળે છે. માછીમારોના અભ્યાસો એક અર્થમાં વ્યવસાયનું સમાજશાસ્ત્ર (Sociology of Occupation) નો ભાગ છે. તો બીજા અર્થમાં Marginalised કે Weaker Section નો ભાગ છે. પશ્ચિમના દેશોમાં આવા અભ્યાસો વ્યવસાયના સમાજશાસ્ત્રમાં થયા છે. ત્યાં વ્યવસાયનું સમાજશાસ્ત્ર વિકસિત છે પરંતુ ભારતમાં શરૂઆતના સમાજશાસ્ત્રના શિક્ષકો શ્રીનિવાસ વગેરે ઉચ્ચજ્ઞાતિ, વર્ગ, ગ્રામ્ય અને નગરોમાંથી આવતા હોવાથી નગરની જીવનશૈલી, ગ્રામ્ય જીવનશૈલીના અભ્યાસો વધુ થયા તેથી ગ્રામીણ અને નગર સમાજશાસ્ત્રનો વિકાસ વધુ થયો છે. પરંતુ તેટલા પ્રમાણમાં વ્યવસાયના સમાજશાસ્ત્રનો વિકાસ થયો નથી.

[3] Palsson, G., “Fishing Societies”, International Encyclopaedia of Social & Behavioral Sciences, Volume-8, Page-5701-5705.

કે. એસ. સિંહાના 'People of India' પુસ્તકના પાંચ ખંડોમાં અને 'સૌરાષ્ટ્રની પછાત કોમો' પુસ્તકના ચાર ખંડોમાં ગુજરાતના દરિયાકાંઠે વસેલી વાઘેર, મેર, આયર, ખારવા, કાઠી, કોળી, ટંડેલ, માછી, કારડિયા રજપૂત વગેરે પ્રજા વિષે જાણવા મળે છે. આ પ્રજા ભૂતકાળમાં અંગ્રેજો અને દેશી સરકાર સામે લડી હોય તેના અનેક દાખલા ઇતિહાસમાં નોંધાયેલા છે. આ પ્રજામાંથી કેટલીક જ્ઞાતિ પોતે રાજપૂત હોવાનો દાવો કરે છે. અને કેટલાકનો 1985 ના બક્ષીપંચ અને તે પછીના પંચો દ્વારા વ્યવસાય આધારીત અનામત આપવામાં આવતા અન્ય પછાત વર્ગમાં સમાવેશ થાય છે.

સંશોધકો (Researchers) માછીમારી વ્યવસાયનો પ્રાથમિક કક્ષાના વ્યવસાયમાં સમાવેશ કરે છે. પરંપરાગત રીતે, માનવશાસ્ત્રીઓ (Anthropologists)એ એકલતામાં જીવતા સમુદાયો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આધુનિક માનવશાસ્ત્રીઓએ જો કે માછીમારોના જીવનના સાંસ્કૃતિક પ્રવાહો અને સ્થાનિક (Micro) અને વ્યાપક (Macro) સ્તરો વચ્ચેની કડીઓ પર ઉપયોગી પરિપ્રેક્ષ્યો પૂરા પાડયા છે. તાજેતરના માછીમાર સમાજના માનવશાસ્ત્રના વિદ્યાર્થીઓ માછીમાર વિસ્તારોમાં મોઢામોઢ સમસ્યાઓનો સામનો કરતા અને સ્થાનિક સમુદાયોથી રાષ્ટ્ર અને રાજય અને તેનાથી પણ આગળ એટલે કે મર્યાદિત સંદર્ભથી પણ વધુ ને વધુ આગળ વધ્યા છે (લીપુમા ઈ. અને મેલ્ટઝોફ એસ. કે.: 1994) . આમ, માનવશાસ્ત્રીઓએ મોટા સંદર્ભમાં સ્થાનિક કે વ્યવસાયિક ઓળખનું કેવી રીતે ઘડતર થાય છે એ બાબતે ધ્યાન દોર્યું છે. માનવશાસ્ત્રીઓ માછલીના જથ્થાને સામુદાયિક મિલ્કત તરીકે ગણાવે છે. ભારતમાં માછીમાર સમુદાયના તેમના વ્યવસાયની માહિતી મળી શકે તેવા અભ્યાસો ભૂતકાળમાં થયા હોય તેવું ખૂબ ઓછું જોવા મળે છે.

હવે NGOs દ્વારા સમાજમાં માનવ સમાજ, અધિકાર, ન્યાય, સમાનતા, લોકશાહી જેવા નવા ખ્યાલોનો આગ્રહ રાખતો થયો ત્યારથી NGOs દ્વારા આવા જૂથોના અભ્યાસો થવા લાગ્યા છે. માછીમારોની મુશ્કેલીઓ, પ્રશ્નોને જાણવા, વાચા આપવા જનપથ અને રૂડમી-સ્વૈચ્છિક સંસ્થાઓએ ભેગા મળીને અમદાવાદમાં એપ્રિલ-2006માં એક કાર્યશાળાનું આયોજન કર્યું હતું. જેમાં વિકાસ સેન્ટર ફોર ડેવલોપમેન્ટ, કોલેજ ઓફ ફિશરીઝ (જૂનાગઢ), સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, જી.આઈ.ડી.આર., કેર (CARE) વગેરે સંસ્થાઓ તથા સમાજના અન્ય ક્ષેત્રોનાં રસ ધરાવતા કર્મશિલો, માછીમાર સમુદાયના આગેવાનો હાજર રહ્યા હતા. 'જનપથ' સંસ્થાએ જે માછીમારો પકડાયેલી વેલ માછલીને પાછી છોડવા જાય છે તેનાથી માછીમારીની જાળને નુકશાન થાય છે તેમાં માછીમારને વળતર મળે તે અંગે રજૂઆત કરવાની બાબતને પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યું હતું. 'કેર' (CARE) સંસ્થાએ આ માછીમારો 'લાઇવલી હુડ પેટર્ન' કે 'એમ્પાવરમેન્ટ'થી પણ આગળ જાય તે અંગેનો નિર્ધાર કર્યો હતો. આ કાર્યશાળામાં ચર્ચાયેલા મહત્વના બીજા મુદાઓમાં દરિયો કોની અસ્કયામત છે, માછીમારોમા યાંત્રિક બોટ ચલાવવામાં અજ્ઞાનતા, માછીમારોની જાળને થતું નુકશાન, તેમની માંદગી, બીમારી, સ્વાસ્થ્ય પાછળ થતો વધારે ખર્ચ, તેમની સહભાગીતાનો અભાવ, દરિયાકિનારાની જમીનનું ધોવાણ, માછલીના ભાવો, માછીમારોને માર્કેટ-

મેનેજમેન્ટ શીખવાડવું, નાની બોટના માછીમારોનું સંગઠન કરવું, આ સંગઠનોનું જુદી-જુદી સરકારી, સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરવું, માછીમારો માટે શિક્ષણની શાળાઓ શરુ કરવી, પાણીની સગવડ, મેન્ગ્રુવ્સનો થતો નાશ, કાચબા બચાવવા સેન્ટર્સ કરવા, શાહુકારો પાસેથી લીધેલ દેવામાંથી માછીમારોનો બચાવ, માછીમારોના સ્થાનિક બજારને પ્રાધાન્ય આપવું, દરેક પ્રકારની માહિતી નીતિ બનાવનારાઓ સુધી પહોચાડવી વગેરે મુદ્દાઓ અંગે ચર્ચા થઇ હતી. આમ, હાજર રહેલી તમામ સંસ્થાઓના કર્મશીલોએ, વિદ્વાનોએ ચિંતન કર્યું હતું.

ભારતમાં સમાજશાસ્ત્રમાં સામાજિક સમસ્યાની ચર્ચા મુખ્યત્વે ત્રણ રીતે થતી હતી. કેટલાકે ધર્મ, શિક્ષણ, કુટુંબની સમસ્યાઓ એટલે કે સંસ્થાઓની સમસ્યાના મથાળા હેઠળ સમસ્યાઓની ચર્ચા કરી છે. બીજા કેટલાકે જુદા જુદા સમાજની સમસ્યાઓ જેમ કે ગ્રામીણ, શહેરી, આદિવાસી, ઔદ્યોગિક સમાજની સમસ્યા તરીકે ચર્ચા કરી છે અને બીજા કેટલાક જૂથોની સમસ્યા જેમકે બાળ ગુનેગાર, અપરિણીત સ્ત્રીઓ, વૃધ્ધો, સેક્સ વર્કર્સની સમસ્યાઓની ચર્ચા કરી છે. પરંતુ આ રીતે ચર્ચા કરતા વંચિત શબ્દ આવતો નહોતો. હવે વંચિત શીર્ષક આપીને ચર્ચા કરવાની શરૂઆત સમાજશાસ્ત્રમાં થઇ છે અને તેમાં અનેક જૂથોને નવી દૃષ્ટિએ જોવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ વંચિત જૂથો વંચિત કેમ છે તે અંગે વંચિત જૂથોની ચર્ચા પણ થતી નથી. એટલે કે માર્જીનલ ગ્રુપ (હાંસિયામાં મૂકાયેલા જૂથ) તરીકે તેમણે સમજવા પડે. સમાજના જે તે જૂથને સમુદાયના મૂલ્યોના સંદર્ભમાં સમજીને વંચિત જૂથોની ચર્ચા કરવાની જરૂર છે. આ લેખમાં માછીમાર સમુદાયની ચર્ચા માનવ પરિસ્થિતિશાસ્ત્રીય બાબતોના સંદર્ભમાં કરવાનો પ્રયાસ કર્યો છે.

ભારતમાં દરિયા કિનારો, બંદરો અને માછીમારી વ્યવસાય

ભારતનો સમુદ્રતટ જગતમાં સાતમાં ક્રમે (7500 કિ.મી.) છે, જે લોકો માટે જીવન વિતાવવાનું અને રોજીરોટીનું સાધન બનેલો છે. દેશના 11 રાજયોને તટપ્રદેશ મળ્યો છે અને તેમાંથી સૌથી લાંબો (1669 કિ.મી.) સમુદ્રતટ ગુજરાત પાસે છે. દેશના દરિયા કિનારા પર 171 બંદરો છે જે પૈકી 10 મોટા, 21 મધ્યમ કક્ષાના અને 140 નાના બંદરો છે. ભારતનો પરદેશ સાથેનો 98 ટકા વેપાર દરિયાઈ માર્ગે થાય છે. મધ્યપૂર્વ, પૂર્વ આફ્રિકા તથા યુરોપના દેશો સાથે વેપાર માટે ગુજરાતના બંદરો ખૂબ મહત્વના છે. સંયુકત રાષ્ટ્રસંઘના ફુડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશનના એક સર્વે મુજબ 1990 થી 2010 સુધીમાં માછીમારીના વ્યવસાયે ભારતમાં લગભગ બમણું ઉત્પાદન કર્યું હતું. વિશ્વમાં ભારત મત્સ્યોદ્યોગમાં બીજા ક્રમે આવે છે. ભારતની જીડીપીમાં 1.8 ટકાનો ફાળો મત્સ્યોદ્યોગનો છે.

ભારતના દરિયાનું અધિકૃત આર્થિક ક્ષેત્ર (EEZ), કિનારાથી 320 કિલોમીટર સુધીનું છે. આ પ્રદેશ જલજીવોથી અત્યંત સમૃધ્ધ હોવાથી આ વિસ્તારમાં મત્સ્ય પકડાશથી વધુને વધુ પ્રમાણમાં હુંડિયામણની કમાણી થઈ શકે છે.

ભારતના દરિયા કિનારે પકડાતા પ્રમુખ જલજીવો :

1. કલુપિડો : તારલી (Oil Sardinos) અને પાલની (Anchovy)
2. બુમલા : (Bombay Duck)
3. પર્ચ : સુરમાઈ (See Fish), પાપલેટ (Pomfret), દાસ (Thread Fin), સામ (Leather Jacket) વિગેરે
4. કોકર્સ (જ્યુફિશિઝ) : ઘોલ (Ahot Protonibea), ઘોમા, ઓટોલિથસ વિગેરે
5. કેરેન્જિડ્ઝ (અશ્વબાંગડા) : છાપરી (Caronx), ખાડવો (Atropus) વિગેરે
6. બાંગડા : બાંગડા (Rastralliger)
7. સ્તરકવચી : ઝિંગા (Prown), સાંઠ (Lobster)

(સ્ત્રોત : મત્સ્યોધોગ, ગુજરાતી વિશ્વકોષ, ખંડ-15, પાના નં.94)

ગુજરાતના માછીમારોનો માનવ પરિસ્થિતિશાસ્ત્રીય પરિચય

ઈ.સ. 1960 માં ગુજરાત મુંબઈ રાજ્યમાંથી અલગ થયું. 2011 ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં કુલ વસતિ 6,03,83,628 છે. જેમાં ગ્રામીણ વસતિ 3,46,70,817 અને શહેરી વસતિ 2,57,12,811 છે. ગુજરાતમાં દર પાંચમાંથી એક ગુજરાતી દરીયાકાંઠે વસે છે. એક વહીવટી એકમ તરીકે ગુજરાતનું ક્ષેત્રફળ ભારતના 5.98 ટકા છે, જ્યારે વસતિની દ્રષ્ટિએ તેમાં કુલ 4.87 ટકા લોકો વસે છે. વિસ્તારની દ્રષ્ટિએ તે 7માં ક્રમે અને વસતિની દ્રષ્ટિએ તે 9 માં ક્રમે આવે છે.

ગુજરાતમાં દરિયાકિનારો, બંદરો અને મત્સ્યોધોગ વિષે જોઈએ તો ભારતમાં દરિયાકાંઠો ધરાવતા 11 રાજયોમાંથી સૌથી લાંબો દરિયાકિનારો ગુજરાત પાસે (1669 કિલોમીટર) છે. જે ભારતના કુલ સાગરકાંઠાના 25 ટકાથી વધારે થાય છે. દેશના દરિયાકિનારે આવેલા 171 બંદરોમાંથી ગુજરાતમાં 40 બંદરો આવેલા છે. જેમાં કંડલા અને વાડીનારને બાદ કરતાં 11 મધ્યમ કક્ષાના અને 27 નાના બંદરોનો સમાવેશ થાય છે. મધ્ય પૂર્વ, પૂર્વ આફ્રિકા તથા યુરોપના દેશો સાથે વેપાર માટે ગુજરાતના બંદરો ખૂબ મહત્વના છે. એક અંદાજ મુજબ દેશના કુલ આયાત-નિકાસના 25 ટકા ગુજરાતના બંદરેથી થાય છે. ભારતના 11 મોટા બંદરોમાં કંડલાનો વિકાસ અગ્રગામી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના નાના બંદરો મત્સ્યોધોગમાં સારો ફાળો આપે છે.

હાલમાં આપણા ત્યાં માછીમારો માટે 'સાગર ખેડૂ' (Sea peasant) શબ્દ વાપરવામાં આવે છે. પરંતુ શરૂઆતમાં આ શબ્દ વહાણવટુ કરનારા માટે જ વપરાતો હતો. કારણ કે તેઓ વેપાર માટે વર્ષો સુધી પોતાના ઘર, કુટુંબથી દૂર રહેતા હતા. તેથી તેમના માટે દરિયા ખેડુ શબ્દ પણ પ્રચલિત હતો.

ગુજરાતમાં ગુણવંતરાય આચાર્યની 'દરીયાલાલ' કથા ભવ્ય ભૂતકાળ બની ગઈ છે. આશ્ચર્યની વાત એ છે કે ગુજરાતી વિષયના ગુજરાતી વિશ્વકોષમાં 'માછીમાર' શબ્દનો ઉલ્લેખ સુધ્ધા નથી.

ગુજરાતના દરિયાકાંઠા ઉપર વિવિધ ધર્મ તેમજ વિવિધ જ્ઞાતિ, પેટાજ્ઞાતિના વિવિધ માછીમાર સમુદાયો સદીઓથી જયારે દરિયાકિનારે બંદરો નહોતા ત્યારથી ત્યાં વસવાટ કરે છે. આ તેમનો પરંપરાગત વ્યવસાય છે. દરીયાકાંઠાની વાઘેર, મેર, આયર, ખારવા, કાઠી, કોળી, ટંડેલ, માછી, કારડિયા રાજપૂત વગેરે પ્રજા બળકટ છે. ભૂતકાળમાં અંગ્રેજો કે દેશી સરકાર સામે તેમણે શિંગડા ભરાવ્યાના અનેક દાખલા ઇતિહાસમાં છે. મુન્દ્રાના માછીમારો મુખ્યત્વે વાઘેર જ્ઞાતિના (મુસ્લિમ) છે.

સૌરાષ્ટ્રના દરિયાકિનારે વસતા અને મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલ જ્ઞાતિ સમૂહોમાં કોળી (કૃષિ, છૂટકમજૂરી, માછીમારી), વાઘેર (હિન્દુ, મુસ્લિમ), ખલાસી (નાવિક), મિયાણા (નાવિક, મીઠું પકવવું) પઢાર, ખારવા (મચ્છીમારી, વહાણવટુ) છે. આ જ્ઞાતિઓનો ગુજરાતની અન્ય પછાત જ્ઞાતિઓની યાદીમાં સમાવેશ થાય છે (જાની : 2013) . ગુજરાતમાં ગુજરાતની મહાજની સંસ્કૃતિના મૂલ્યો તટીય સંસ્કૃતિના મૂલ્યો કરતા અલગ જ નહીં, વિરોધી પણ છે. મત્સાહાર, માંસાહાર અને મદ્યપાન તટીય સંસ્કૃતિમાં સ્વાભાવિક ગણાય છે, જ્યારે મહાજની સંસ્કૃતિમાં તે માત્ર વર્જ્ય જ નહી, પાપાચાર ગણાય છે, જ્યારે તટીય સંસ્કૃતિ હલકી ગણાય છે. ગુજરાતના સવર્ણ ભદ્રો એક કાળે સમુદ્ર પ્રવાસનને ભ્રષ્ટ કરનાર આચાર તરીકે ગણતા હતા. સમુદ્ર પ્રવાસ કરનારે પ્રાયશ્ચિત કરવુ પડતુ. આથી તટીય સંસ્કૃતિ અને તેના વિકાસના મહત્વને અને જતનને અહીં જાકારો મળ્યો. આવા ખ્યાલોને લઈને માછીમારોને લોકો અશુધ્ધ માને છે. અને તેમનો સરકારી અને ખાનગી બસોની અંદર, ટ્રેનોમાં મુસાફર તરીકે પણ અસ્વિકાર કરે છે. સરકારી અમલદારો દ્વારા પણ તેમની સતામણી થાય છે.

માછીમારો અને તેમના વ્યવસાયની લાક્ષણિકતાઓ-અસ્વચ્છતા, અણગમતી તીવ્રવાસ, સમાજમાં પ્રવર્તમાન પરંપરાગત ખ્યાલો-આ વ્યવસાયને અશુદ્ધ માનવાનો ખ્યાલ, ધર્મ, જ્ઞાતિ અને કુટુંબ દ્વારા નક્કી કરવામાં આવતો માંસાહાર અને શાકાહાર ભોજનનો ખ્યાલ, સ્વચ્છતા-અસ્વચ્છતાનો ખ્યાલ, માછલી ખાવાથી પાપ લાગવાનો અને ધર્મ ભ્રષ્ટ થઇ જવાનો ખ્યાલ વગેરે ખ્યાલોને કારણે સમાજમાં તેમનો અનાદર અને ઉપેક્ષા થાય છે. તેઓને આ વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી આવક ખૂબ ઓછી છે. સૌરાષ્ટ્રના માછીમારોના એક અભ્યાસમાં જોવા મળ્યું હતું કે તેમની સરેરાશ માસિક આવક 5000 રૂપીયાથી ઓછી હતી અને નાના માછીમારો પાસે પોતાની કોઇ મિલ્કત પણ નથી.

માનવ સમુદાયના ઉદ્દ્ભવ અને વિકાસમાં પરિસ્થિતિશાસ્ત્ર (Ecology) નું ખૂબજ મહત્વ છે. કોઇપણ વિસ્તારની જમીનની રચના, પરિવહનના સાધનો, ઉદ્યોગ-ધંધાઓનું સ્વરૂપ અને સમગ્ર આર્થિક વ્યવસ્થા સમુદાયની સામાજિક વ્યવસ્થાને અસર કરે છે. અને તે તેનાં વિકાસની સીમાને નિર્ધારિત કરે છે. ગુજરાતમાં માછીમારી વ્યવસાય અને માછીમારોના જીવન વિકાસને સમજવામાં આ માનવીય પરિસ્થિતિશાસ્ત્ર (Human Ecology) ના કેટલાક મુદ્દાઓ મહત્વના છે જે નીચે મુજબ છે:

1. ગુજરાતના પ્રાચીન સમયના બંદરો

પ્રાચીન સમયમાં ગુજરાતના દરિયાકિનારા પર અનેક મહત્વપૂર્ણ બંદરીય નગરો હોવાના સાહિત્યીક, પુરાવશેષીય અને વિદેશી સંગ્રહિત પુરાવાઓ ઉપલબ્ધ છે. એક સમયે ગુજરાતના દરિયા કિનારા ઉપર બંદરોની રોનક અને જાહોજલાલી હતી. અમદાવાદની મીલોની મશીનરી ખંભાત બંદરે ઉતરતી હતી. સુરત, ધોલેરા અને માંડવી બંદરોનો એક જમાનો હતો. સૌરાષ્ટ્રના સમુદ્ર કિનારે પ્રાચીન સમયમાં લોથલ, ધોલેરા, ઘોઘા, વલ્લભી જેવા અનેક નગરો હતા. મહાન સામ્રાજયોના નિર્માણ અને સમૃધ્ધિમાં આ બંદરીય નગરોનું મહાન પ્રદાન રહ્યું છે. પશ્ચિમ ભારતમાં ધોળાવીરા એ રાજનૈતિક રાજધાની હતી. તેની પ્રગતિમાં આર્થિક રાજધાની લોથલની અગત્યની ભૂમિકા રહી હતી. વલ્લભીની ખ્યાતિ હસ્તવપ્ર થકી હતી. અણહિલપુર પ્રભાસ, ખંભાત અને ભરૂચથી સમૃધ્ધ હતું. અમદાવાદને વિશ્વમાં ખ્યાતિ મળી તેમાં સુરતનો બહુમુલ્ય ફાળો રહ્યો હતો. બંદરીય નગરોમાં હુન્નર કલાકારોનું આકર્ષણ રહેતું હતું.

ગિરીનગરની પ્રતિષ્ઠામાં, દ્વારકાની સમૃધ્ધિમાં પ્રભાસપાટણનો ફાળો રહ્યો હતો. આજ સુધી જે કોઇ પુરાતત્ત્વિક અને સાહિત્યીક તથ્યો પ્રાપ્ત થયા છે, તેના આધારે બંદરીય પ્રભાસ પાટણ અને સોમનાથ મંદિરની સૌરાષ્ટ્રના આર્થિક જીવન પર દસમીથી પંદરમી સદી સુધીમાં મહત્વનો આર્થિક પ્રભાવ પડયો હતો. ત્યાં કરવામાં આવેલ ઉત્ખનન દરમિયાન પથ્થરની બંધાયેલી કિલ્લેબંધી જોવા મળી છે. તે આધારે આ સ્થળનો ઐતિહાસિક કાળ ઈ.સ. પૂ.400 પહેલા શરૂ થયો હતો. સોમનાથ તીર્થસ્થળ ઉપરાંત એક બંદરીય નગર તરીકે વિશ્વ વિખ્યાત હતું. કૃષિ, વ્યાપાર અને ઉદ્યોગ વિષયક પ્રવૃત્તિઓને લીધે પ્રભાસપાટણ સૌરાષ્ટ્ર, ગુજરાત અને પશ્ચિમ ભારતના નગરોમાં એક પ્રખ્યાત નગર તરીકે પ્રસિધ્ધ થયું હતું.

આ નગરોમાં શાસકોએ જલપરિવહન અને ભૂમિપરિવહનનું નિર્માણ અને વ્યવસ્થા કરી હતી. સૌરાષ્ટ્ર, ગુજરાત અને ભારતના બીજા પ્રદેશોમાંથી વસ્તુઓ પ્રભાસ પાટણ સુધી પહોંચી શકે એવા સ્થળમાર્ગોનું નિમાર્ણ કર્યું હતું. ઉત્તર ભારતના મુખ્યમાર્ગો ઉજજૈન સુધી હતા, ત્યાંથી ખંભાત ભરૂચ, પ્રભાસપાટણ સુધી રસ્તાઓ હતા.

ભારતમાં આંતરિક જળપરિવહનની સુંદર વ્યવસ્થા હતી. પ્રભાસપાટણ, ભરૂચ, ખંભાત અને દક્ષિણ ભારતના કાલીકટ હોનાવર, મછલીપટ્ટનમ વિગેરે બંદરો સુધી જહાજો જતા હતા. પ્રભાસ પાટણમાં વિદેશી

જહાજો આવતા હતા. પશ્ચિમ એશિયાના દેશો (આરબ દેશો), દક્ષિણ પૂર્વ એશિયાના દેશો સાથેનો જળપરિવહન જાણીતો હતો. આ ભૂમિપરિવહન અને જળપરિવહન અંગે વેપારીઓના માલની સલામતી માટે શાસકો હંમેશા ચિંતિત રહેતા હતા. ભોમિયાઓ અને સૈનિકો વ્યાપારીઓના માલનું રક્ષણ કરતા હતા. જોકે ધરતીકંપ અને દરિયાઇ ત્સુનામીમાં હજારો નગર દરિયાના તળિયે અને ધરતીમાં દટાઈ ગયા છે. જળમાર્ગો લુપ્ત થવાને લીધે ઘણા બંદરીય નગરોનું પતન થયું છે. આ નગરોની શોધ અંગેના વ્યાપક પ્રયાસો થયા નથી. પ્રાચીનકાળ અને પ્રારંભિક મધ્યકાળમાં અનેક નગરોનું પતન થયુ હતું. તેમ છતાં આ નગરોની સમૃધ્ધિ અને ત્યાં જે લોકોની વસાહતો હતી, તેના આધારે આ દરિયાઈ નગરની ભવ્યતા, સમૃધ્ધિ અને સંસ્કારિતાને માપી શકાય છે. આ નગરોના આટલા લાંબા સમયકાળમાં હુન્નરકલા સાથે સંકળાયેલા વણકરો, સુર્વણકારો, ધાતુકર્મીઓ, હાથીદાંતની ચીજો બનાવનાર, શંખ અને બહુમૂલ્ય દરિયાઈ વસ્તુઓમાંથી સુંદર કલાત્મક આભૂષણ બનાવનારાઓ, રંગકર્મીઓ, વાહનધારકો, માટીકામ કરનારા, ભવન નિર્માતાઓ, ખાધપદાર્થો તૈયાર કરનારાઓ અને તેને વેચનારા, મહાજનો, વ્યાપારીઓ, સૌદાગરોની વસાહતો વિગેરે વિશે જાણવા મળે છે (શાહ : 2009) . પરંતુ દરિયાકિનારા ઉપર કોઈ માછીમાર, માછીમાર વેપારી કે માછીમારી વ્યવસાય વિષેનો ઉલ્લેખ સુધી આ સાહિત્યીક, પુરાવશેષીય અને સંગ્રહીત પુરાવાઓમાંથી મળતો નથી. આ બંદરીય નગરો, તેની સંસ્કૃતિ કે જાહોજલાલીનો દરિયા કિનારાના માછીમારોના જીવન ઉપર કોઈ પ્રભાવ પડયો હોય તે પણ જાણવા મળતું નથી.

2. દક્ષિણ ગુજરાતના માછી સમુદાયનો ઈતિહાસ

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના બે ગામ ખટ્ટલવાડ અને નાગ્રોલના માછી સમુદાયના માછીમારોના અભ્યાસ (અબ્બાસી : 2005) થી આ સમુદાયના ઇતિહાસ વિષે જાણવા મળે છે. આ માછી સમુદાય ચાર સગોત્ર જૂથો નલિયા, મિત્તાના, ગોઢારા અને માંગેલા માં વિભાજીત થયેલો છે. તેઓ દાવો કરે છે કે તેઓ રાજપૂત વર્ણના વંશજો છે, અને ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશના મૂળ નિવાસી છે. જયારે ઇ.સ. 772 દરમિયાન મોહમ્મદ ગઝનીએ સોમનાથ ઉપર વારંવાર આક્રમણો કર્યા ત્યારે આ માછીમારો ખૂબ હતાશ થયા અને તેઓને ત્યાંથી દક્ષિણ ગુજરાતના ગાઢ જંગલોમાં વસવાટ કરવો પડયો હતો. આ માછીમારો સમાજના ઊંચનીચના કોટિક્રમમાં ઉચ્ચવર્ણના હોવાથી શરૂઆતમાં તેઓ પોતાના ખોરાકમાં જંગલી જાનવરોનો ખોરાક તરીકે ઉપયોગ કરતા નહોતા. આ માછીમારો જંગલી લાકડાનો ઉપયોગ ફકત પોતાની બોટ બનાવવા માટે કરતા હતા. આ માછીમારોને દરિયાઇ જીવોને ખોરાક તરીકે અપનાવ્યા ત્યારથી તેઓએ દરિયો ખેડવાનું અને માછલા પકડવાની પ્રવૃત્તિને જીવન નિર્વાહના સાધન તરીકે અપનાવ્યું.

માછીમારોને તેમના આ વ્યવસાયમાંથી પાછા ફરવાના સમયની અનિશ્ચિતતા અને જાનના જોખમની સંભાવના રહેલી છે. નાની બોટ દ્વારા માછીમારી કરતા મારીમારોના જીવનમાં કોઈ અકલ્પનિય ઘટનાઓ બનવાની સંભાવનાઓ વધારે છે. મત્સ્યોદ્યોગ સાહસિક ઉદ્યમ છે. માછલીઓ વિગેરેને પકડવા માટે વાવંટોળ, પાણીના અવળા પ્રવાહ અને પ્રચંડ મોજા વગેરેનો સામનો કરવો પડે છે. આથી દક્ષિણ ગુજરાતના માછીમારો 'દરિયાપીર'માં શ્રધ્ધા ધરાવે છે. બહેનો પોતાનું 'મંગલસૂત્ર' પતિ દરિયામાં ફિશીંગ શરૂ કરે છે ત્યારથી તે દરિયામાંથી પાછો આવે ત્યાર સુધી દરિયાપીર સામે ધરી પોતાના પતિના જીવનની સલામતીના આશિર્વાદ મેળવે છે. આમ માછીમાર દંપતિ દરિયામાં જતી વખતે અને આવ્યા બાદ નાળીયેર અને ફૂલોથી દરિયાની પૂજા કરે છે.

3. સૌરાષ્ટ્રના માછીમારોનું 'ક્રુ' ઓર્ગેનાઇઝેશન

ગુજરાતમાં સૌથી લાંબો દરિયાકાંઠો સૌરાષ્ટ્ર (760 કિ.મી.) નો છે. માછીમારી વ્યવસાય સરકારનો કમાઉ દિકરો છે. કારણ કે તે વર્ષે દહાડે સારૂ એવું હુંડિયામણ કમાઈ આપે છે. સમાજવાદી સમાજરચનાકીય વિકાસના ધ્યેયને આધારે સરકારે માછીમારી અંગે નીતિ પણ નક્કી કરી છે. જે વિકાસાત્મક અભિગમવાળી ગણવામાં આવે છે. તેનું અમલીકરણ પણ થતું જાય છે. પરિણામે યાંત્રિકરણ વધતું જાય છે અને અન્ય આનુષંગિક સગવડતાઓ પણ વધતી જાય છે. પરિણામે માછીમારી વ્યવસાય ઉપર આધારિત મત્સ્ય ઉદ્યોગો પણ અસ્તિત્વમાં આવાતા જાય છે. જેને 'સી ફુડ' ઈન્ડસ્ટ્રીઝ તરીકે ઓળખવામાં આવે છે. આમ, દરિયાઈ મત્સ્ય વિકાસક્ષેત્રે 'બ્લુ- રીવોલ્યુશન' થઈ રહ્યું છે. આની અનેકવિધ હકારાત્મક અને નકારાત્મક અસરો, દરિયાના માછલાના જથ્થા ઉપર અને તેના ઉપર આધારિત માછીમાર સમુદાયો ઉપર પડી રહી છે.

માછીમારો જયારે બોટ લઈને માછીમારી કરવા જાય છે ત્યારે તેમના બધામાં સરખાપણાની ભાવના હોય છે. છતાં દરેકનો દરજ્જો અને ભૂમિકા અલગ અલગ હોય છે અને તે પ્રમાણે તેમણે માછીમારી - કાર્યો કરવાના હોય છે. આવા સંગઠનને અંગ્રેજીમાં 'ક્રુ' ઓર્ગેનાઈઝેશન તરીકે ઓળખવામાં આવે છે. એચસન અને વિલસનના જણાવ્યા પ્રમાણે આખા વિશ્વમાં ભાગ્યેજ સભ્યોને રોકડ રકમ કે પગાર આપવામાં આવતા હોય છે. તેઓને દરેકને પકડાયેલ માછલીઓના જથ્થામાં ભાગ આપતા હોય છે જે દરેકને સરખો હોતો નથી. કોઇને એક ભાગ હોય તો કોઇને ત્રણ તો કોઇને ચાર વગેરે. આમ કરવાનું કારણ એ છે કે માછીમારી વ્યવસાયમાં જોખમ અને અનિશ્ચિતતા છે તેને વહેંચી કાઢવામાં આવે છે અને એ રીતે પર્યાવરણ સાથે અનુકૂલન સાધે છે. કેનેડા, સ્વીડન, મેકસીકો, ઈકવાડોર, શ્રીલંકા, ધાના વગેરે અનેક દેશોમાં ભાગ વહેંચણની પ્રથા છે (એચસન અને વિલ્સન : 1996) .

સૌરાષ્ટ્રના અભ્યાસમાં આ વિશે ત્રણ પ્રથાઓ જોવા મળે છે. ભાગ વહેંચણી અને રોકડ વેતન તથા થોડુક વેતન અને થોડોક ભાગ. આમ, કરવામાં પણ આ સમુદાયો પોતાના દરિયાઇ પર્યાવરણ સામે ટકી રહેવાના પ્રતિભાવો રૂપ છે. આનું કારણ એ છે કે કોઇક દિવસ બિલકુલ માછલા ન પકડાયા અથવા સાવ ઓછા પકડાયા તો જેઓ દૈનિક મજૂરીએ આવતા હોય તેમને કશું મળેજ નહિ પરિણામે તેમને અને તેમના કુટુંબને ભરણ પોષણની મુશ્કેલી ઉભી થાય. ‘ક્રુ’ તરીકે મોટે ભાગે રક્તસંબંધીઓ તથા અંગત મિત્રોને રાખવામાં આવતા હોય છે. કારણ કે દરિયાઈ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સંગઠનમાં લાગણીને આધારે એકતા જળવાય અને પરિસ્થિતિનો સામનો કરી શકે અને બીજા કોઇ પ્રશ્નો પણ ઉપસ્થિત થાય નહી (પટેલ : 1993) .

4. કચ્છના મુન્દ્રાના દસ નાનાં બંદરો અને માછીમારો:

ગુજરાતના 40 બંદરોમાં મુન્દ્રા 72 કિમી. ના લાંબા દરિયાકિનારા પર ફેલાયેલું બંદર છે. મુન્દ્રાના 10 નાના બંદરો રંધ, બાવડી, લૂણી, વીરા, જૂના, ભદ્રેશ્વર, ત્રગડી, કુતડી, રામપોર અને જોડમાં માછીમાર કુટુંબો ‘બોટ’ કે ‘પગડીયા’ અથવા બંન્ને પધ્ધતિ દ્વારા માછીમારી કરે છે. પગડીયા એટલે કે તેઓ દરિયાના કિનારા પરના વિસ્તારમાં ચાલતા માછલી પકડે છે. અને તેમની પાસે બોટ નથી. આ વિસ્તારના પગડીયાઓની સ્થિતિ ખૂબજ દયનીય છે. દરિયાકિનારે કંપની આવવાથી બોટવાળા અને પગડીયાઓની મુશ્કેલીઓ વધી છે. માછીમારો માટે દરિયો સાંકળો થઈ ગયો છે. બોટવાળા માછીમારોને માછલી પકડવા દૂરની ખેપ મારવી પડે છે. જે તેમના માટે વધુ ખર્ચાળ બન્યુ છે. પગડીયાઓને કિનારા વિસ્તારમાં માછલીઓ મળતી નથી.

આ કુટુંબો 300 વર્ષ જૂના પારંપારિક માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. મુન્દ્રાના માછીમારો વાઘેર (મુસ્લિમ) જ્ઞાતિના છે. આ માછીમારો ઓગષ્ટથી એપ્રિલ એમ નવ મહિના દરિયા કિનારે માછીમારી કરે છે. બાકીના ત્રણ મહિના માછીમારી પર પ્રતિબંધ હોવાથી પોતાના ગામમાં વસવાટ કરે છે. આ વિસ્તારમાં દરિયાઇ મુખ્ય પકડમાં ‘બૂમલા’ માછલી મહત્ત્વની છે. 12 ઇંચ લાંબી બુમલા માછલી 70 ટકા ભાગ પાણીનો ધરાવે છે અને તેને સુકવીને વેચવામાં આવે છે. અહીના માછીમારો પોતાની આવક ‘પૂર’ ને આધારે નક્કી કરે છે. પૂર એટલે દરિયામાં માછીમારી કરવાની એક ખેપ (વિઝિટ). મહિનામાં જેટલા પૂર આવ્યા હોય તે આધારે મહિનાની આવક ગણે છે. મુન્દ્રાના દસ બંદરોમાં વેચાણ- મધ્યસ્થીઓ બજારભાવના ૩૩ ટકા ભાવે માછીમારો પાસેથી માછલી ખરીદે છે.

આ બંદરો પર વીજળી, પીવાના પાણી, રસ્તા, મકાન, શિક્ષણ વિગેરે પાયાની સુવિધા નથી. આરોગ્યનો પ્રશ્ન અહીંનો સળગતો પ્રશ્ન છે. માછલીઓ પકડવી, સૂકવવી, માછલીઓની તીવ્ર ગંધ, અસ્વછતા વગેરેને કારણે માછીમારો વિવિધ રોગના ભોગ બને છે. જેમાં ચામડીના રોગ સામાન્ય છે.

મુન્દ્રાના માછીમાર કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે, જેમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ નહિવત છે. નવ મહિના ગામથી દૂર રહેતા માછીમારોના બાળકો માટે બંદર પર શાળાની વ્યવસ્થા હવે થઈ છે. હાલ વાય. એમ. સી. એ. દ્વારા શાળાઓ ચાલે છે. પરંતુ સ્થાનિક રહીશોના કહેવા પ્રમાણે આ શાળામાં ભણાવતા શિક્ષકો તેમની આજુબાજુના ગામના સ્થાનિક, ઓછું ભણેલા અને લાયકાત વગરના હોય છે. તેથી બાળકોને આ શાળાઓમાં યોગ્ય શિક્ષણ મળતું નથી. કેટલીકવાર તો આ સ્થાનિક શિક્ષકના ગુસ્સાનો ભોગ બનવાથી વિદ્યાર્થીઓનું આખું જૂથ શાળાએ જવાનું બંદ કરી દે છે. ત્રગડી બંદર ઉપર આવી સ્થિતિ છે.

કેટલીક જગ્યાએ માછીમારોની મંડળીઓ થઈ છે પરંતુ તેમનો કોઈ રાજકીય પ્રભાવ ઉભો થઈ શક્યો નથી. મુન્દ્રાના દરિયા કિનારે અદાણી પોર્ટની સ્થાપના 1998માં થઈ હતી. ત્યારથી માછીમારોની વધેલી તકલીફોમાં સતત વધારો થતો ગયો છે. અદાણીએ મુન્દ્રામાં છેલ્લાં આઠ વર્ષથી સામાજિક જવાબદારીના ભાગરૂપે સામુદાયિક વિકાસના કામો આ માછીમાર કુટુંબના ઉત્કર્ષ માટે શરૂ કર્યા છે. પરંતુ તેની કોઈ ખાસ ઝડપ નથી. અદાણી દરેક બંદર પર એક સરખું કામ કરવા માગે છે. પરંતુ તેના માટે પુરતા સમય અને લોકોના સહકારની જરૂર છે. ગાંધીજીના શાંતિ અને અહિંસાના માર્ગે જ તે શક્ય છે.

5. વેરાવળનો મત્સ્ય ઉદ્યોગ

ગુજરાતના સાગરખેડૂતો વર્ષે આશરે બે લાખ ટન માછલીનું ઉત્પાદન કરે છે અને ત્રણ હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર કરે છે. ગુજરાતમાં પાંચેક સ્થળોએ મત્સ્ય ઉત્પાદન થાય છે. વેરાવળ, પોરબંદર, માંગરોળ ઉપરાંત અન્ય બે-ત્રણ નાના એકમોની મળીને બધી નિકાસ પીપાવાવ પોર્ટ પરથી કરવામાં આવે છે. આ તમામમાં વેરાવળ બંદર એકલાનું 80 ટકા ઉત્પાદન છે. વેરાવળમાં 60 ફેકટરીઝ છે કે જેમાં માછલીનું પ્રોસેસિંગ થાય છે. પોરબંદરમાં 8 અને માંગરોળમાં 4 પ્રોસિસિંગ ફેકટરીઝ છે. એટલે કે મત્સ્ય ઉત્પાદનમાં વેરાવળ સૌથી મોખરે છે. વેરાવળ અને તેની આસપાસના વિસ્તારના 60 હજાર લોકો સીધી અથવા આડકતરી રીતે માછીમારી પર નભે છે. વેરાવળ સ્થિત મત્સ્ય ઉદ્યોગ કચેરીમાં નોંધાયેલા આંકડા પ્રમાણે 10783 લોકો માછીમારી કરવા દરિયાની ખેપ કરે છે. વેરાવળ યુનિટથી જ 8 થી 9 હજાર કન્ટેનર માછલીની નિકાસ કરવામાં આવે છે (મેસવાણિયા : 2013) .

6. ભરૂચ જિલ્લાની ઉપેક્ષા:

ભારતીય અર્થતંત્રમાં ઈ. સ. 1967 ની હરિયાળી ક્રાંતિ બાદ રસાયણ ક્રાંતિ, શ્વેતક્રાંતિ, પીળી ક્રાંતિ અને ભૂરી કાંતિ સર્જાઇ છે. ભૂરી ક્રાંતિ ‘વિદેશી હૂંડિયામણ’ રળી આપવા માટેનો રોકડિયો પાક છે. ગુજરાતના પ્રદેશમાં મહત્વનું સ્થાન ધરાવતા વેરાવળે ભૂરીકાંતિ ક્ષેત્રે પ્રગતિ હાંસલ કરી છે. ગુજરાતમાં

માછીમારી વ્યવસાય-દરિયાકિનારા અને માછીમારોના સંદર્ભમાં ભરૂચ જિલ્લાની ઉપેક્ષા જોવા મળે છે. ભરૂચ જિલ્લો 77 કિલોમીટરની લંબાઇ અને 127 કિલોમીટરની ઊંચાઇ ધરાવતો દરિયાકાંઠો ધરાવે છે. ભરૂચ જિલ્લાના ભરૂચ ઝઘડિયા, અંકલેશ્વર, હાંસોટ, વાગરા, આમોદ અને જંબુસર તાલુકાઓ પણ તટપ્રદેશ ધરાવે છે. નર્મદાનદી 120 કિલોમીટરની લંબાઈ ધરાવે છે. તદઉપરાંત મહી, ઢાઢર, કરજણ જેવી અન્ય નદીઓ મીઠા પાણી તેમજ આ નદીઓ સાથે દરિયાના ભાંભરા પાણી મત્યઉદ્યોગના વિકાસ માટે ફળદ્રુપ વિસ્તાર છે. મત્સ્યોદ્યોગ માટે ભરૂચ જિલ્લાને પ્રાધાન્ય આપવામાં આવે તો મત્સ્યોદ્યોગના વિકાસની ભરપુર શક્યતાઓ રહેલી છે. આ વિસ્તારનો સમગ્રપણે વિકાસ કરવામાં આવે તો ભરૂચ જિલ્લો ભૂરી ક્રાંતિમાં અનન્ય નોંધપાત્ર કામગીરી થાય તે પ્રકારના કુદરતી સ્ત્રોતો ધરાવે છે.

સાથે સાથે ભરૂચમાં જ સરકાર દ્વારા માછલીને પ્રોસેસ કરવાના યુનિટ ઉભા થાય તો દહેજ બંદરેથી જ નિકાસ થઈ શકે છે. હાલમાં આ માછલી ગુજરાતથી મુંબઈ મોકલી અને મુંબઇથી પ્રોસેસ થઈ નિકાસ થાય છે. જો ભરૂચમાં પ્રોસેસ યુનિટ સ્થપાય અને દહેજ બંદરેથી નિકાસ થાય તો ગુજરાતની મત્સ્યનિકાસનું સાચું ચિત્ર ઉપસી શકે તેવી શક્યતાઓ રહેલી છે. વળી એના દ્વારા કાંઠા વિસ્તારના હજારો લોકોને રોજગારી પૂરી પાડી શકાશે (ચૌધરી અને પટેલ : 2007) .

7. ચેર (મેન્ગ્રુવ્સ) વિશે લોકજાગૃતિનો અભાવ

અત્યારે દરિયાકુનારે ચેરના જંગલોનો નાશ થઈ રહ્યો છે. દર વર્ષે વિશ્વમાં 26મી જુલાઈના રોજ 'મેન્ગ્રુવ્સ એક્શન ડે'ની ઉજવણી કરવામાં આવે છે. તેમ છતાં કેટલાય રાજ્યોને તેની કોઈ જાણકારી નથી. ભારતની પ્રજા આ વૃક્ષના ફાયદા અંગે અજાણ છે. ગુજરાતમાં કચ્છ ઉદ્યોગોના આગમનની કિંમત ચૂકવી રહ્યું છે. મુન્દ્રા એસ.ઈ.ઝેડ.એ ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. 3 કરોડ જેટલા ચેર (મેન્ગ્રુવ્સ)ના 15 ફુટ ઉંચા વૃક્ષો કાપી નાખ્યા છે, અને હજી કાપી રહ્યા છે. આ મુદ્દે સંખ્યાબંધ લેખો 'કચ્છમિત્ર'માં પ્રસિધ્ધ થયા છે. હાલમાં જ મુંદ્રામાં મેન્ગ્રોવના નિકંદન બદલ સ્થાનિકોએ (ગ્રામજનોએ) અદાણી પાવર કંપની સામે હાઈકોર્ટમાં અરજી કરી છે (દિવ્ય ભાસ્કર : 2021) . આ વિશે લોકજાગૃતિનો અભાવ છે.

થોડા વર્ષ પહેલા ભારતના દક્ષિણ કિનારે ત્રાટકેલી ત્સુનામીમાં એક આશ્ચર્ય જોવા મળ્યું હતું. તામિલનાડુના પીચાવરમ વિસ્તારમાં આજુબાજુના વિસ્તાર કરતા ઓછુ નુકશાન થયુ હતું. તેનું મુખ્ય કારણ એ હતુ કે પીચાવરમનો દરિયાકાંઠો ચેરના જંગલોથી છવાયેલો હતો માટે ત્સુનામીના વિરાટ મોજાને ચેરના જંગલોએ રોકી લીધા હતા.

ચેરના વૃક્ષોને ઉગાડવા માટે કિંમતી ખેતીલાયક જમીનનો ભોગ લેવાતો નથી. ચેર એ દરિયાના ખારા પાણીમાં ભરતી ઓટ પ્રદેશમાં જ્યાં કાદવ કીચડવાળી જમીન છે ત્યાં ઉગતી વનસ્પતિ છે. જટીલ મૂળ રચનાના કારણે આ વનસ્પતિ દરિયાઈ માટીને જકડી રાખે છે. ચેર વૃક્ષની હરોળ જમીનનું ધોવાણ

અટકાવવામાં ખૂબ જ મદદ કરે છે. દરિયામાં ભરતી આવે ત્યારે આ વનસ્પતિ દરિયાઇ માટીને રોકી રાખે છે. જેના દ્વારા જમીનના નવા થરની રચના થાય છે. ચેરની કુલ 69 જાતમાંથી ભારતમાં ચેરની 23 જાત જોવા મળે છે અને તેમાંથી ગુજરાતમાં સાત મુખ્ય જાતો જોવા મળે છે.

ચેરની ખેતી સામાન્ય રીતે ત્રણ પદ્ધતિથી કરી શકાય છે. 1. નર્સરી વાવેતર, 2. દોરી પદ્ધતિ અને 3. કેનાલ પદ્ધતિ. ચેર લીલ, શેવાળ જેવી વનસ્પતિઓને પોતાના શ્વસન મૂળ દ્વારા આધાર પૂરો પાડે છે. ચેરની જટીલ મૂળ રચના અને પાણીમાં પડતાં પાંદડાંના કહોવાટથી નાના દરિયાઇ સજીવોના વસવાટ અને સંવર્ધન માટે ખૂબ જ ઉત્તમ પરિસર સાબિત થયા છે. જે બીજા જટિલ જળચરોને આહાર પૂરો પાડે છે. અને એક આહાર શ્રૃંખલા રચાય છે. ખરી ગયેલા પાંદડા પર માછલીઓ ઇંડા મૂકે છે કે જેના કારણે ચેરના પરિસરતંત્રમાં માછલીનું પ્રમાણ સામાન્ય કરતાં સાત ગણુ વધારે જોવા મળે છે. ચેરના ઔષધીય ગુણને લીધે સ્થાનિક લોકો તેનો ઔષધી તરીકે પણ ઉપયોગ કરે છે. આમ, માછીમાર પ્રજા સુધી આ માહિતી પહોંચાડવી જોઇએ (પટેલ : 2012) .

8. અકલ્પિય ઘટનાઓ બનવાની સંભાવના

માછીમારોને તેમના આ વ્યવસાયમાં દરિયામાંથી પાછા ફરવાના સમયની અનિશ્ચિતતા અને જાનના જોખમની સંભાવના રહેલી છે. નાની બોટ દ્વારા માછીમારી કરતા માછીમારોના જીવનમાં કોઇ અકલ્પિય ઘટનાઓ બનવાની સંભાવના વધારે છે. મત્સ્ય ઉધોગ સાહસિક ઉધમ છે. માછલીઓ વિગેરેને પકડવા માટે વાવંટોળ, પાણીના અવળા પ્રવાહ અને પ્રચંડ મોજા વગેરેનો સામનો કરવો પડે છે. વળી ક્યારેક આકસ્મિક રીતે જ ઉપજતા પરિબળોને કારણે તો ક્યારેક તેમની નાની બોટ ઉપર મોટી બોટ ચઢી જાય ત્યારે માછીમારોનો જીવ દરિયામાં ખોવાઈ જાય છે. અને તેને લીધે ક્યારેક તો તેની લાશ પણ દરિયામાં મળતી નથી. તેવી પરિસ્થિતિ પેદા થાય છે. આવી પરિસ્થિતિમાં બાળકો તેમના પિતાને ગુમાવે છે. તેમના ભણતરનો પ્રશ્ન ઉભો થાય છે. કેટલીકવાર પતિની ગેરહાજરીમાં બહેનોએ પણ દરિયામાં જવું પડે છે. આવી સ્થિતિમાં કુટુંબની સ્થિતિ નિરાધાર જેવી બને છે. આવા કુટુંબોને વિશેષ આર્થિક મદદ મળે તેવી આર્થિક વ્યવસ્થા જેમ કે માછીમારો માટે સુરક્ષા જેકેટ, વિમાની, લોનની વ્યવસ્થા સમયસર મળવી જોઇએ.

9. માછીમારોની આવક

સરકારના દાવા પ્રમાણે માછીમારી ઉધોગ કૂદકેને ભૂસકે આગળ વધી રહ્યો છે એટલે આપણને સહેજે થાય કે જેના ખભા પર આખો ઉધોગ નભે છે એવા માછીમારોને તો સારૂ એવું વળતર મળતું હશે, પણ ખરેખર એવું નથી. સૌરાષ્ટ્રમાં ભાગ વહેંચણી અને રોકડ વેતન તથા થોડુક વેતન અને થોડોક ભાગ આપવાની પ્રથા છે. મોટેભાગે બોટમાં રક્ત સંબંધીઓ અને અંગત મિત્રોને રાખવામાં આવતા હોય છે.

મુન્દ્રાના કેટલાક માછીમારો પગડીયા તરીકે કામ કરે છે. બધા લોકો પાસે પોતાના પરિવારની બોટ હોતી નથી એટલે બીજાની બોટ પર (રોજમાદારી) તરીકે જ મોટાભાગે કામ કરવાનું થાય છે. માછીમારની જીંદગી ઘણી બધી રીતે પડકારજનક છે. પોતાના જીવના જોખમે દરિયામાં જતા વેરાવળના માછીમારોને વળતર પેટે મહિનાના ચાર-પાંચ હજાર રૂપીયા મળે છે ત્યાં સૌથી વધુ પગાર જહાજોના ટંડેલને પંદર હજાર અને સહટંડેલને દસ હજાર જેવી રકમ મળે છે. વર્ષોના અનુભવ પછી ટંડેલને મળતી આ રકમ ખૂબ જ ઓછી કહી શકાય. આમ, અન્ય ઉદ્યોગોની જેમ આ વિશાળ મત્સ્ય ઉદ્યોગ પણ ધીરે-ધીરે સ્થાપિત હિતોનાં સકંજામાં આવી ગયો છે (મેસવાણિયા : 2013) .

10. દરિયામાં જલ-જીવોની અસલામતી

સમુદ્રના પેટાળમાં અવનવી માછલીઓની અસંખ્ય પ્રજાતિઓ મળી આવે છે. માછલીઓની ખાસિયતો પ્રમાણે 70 થી 80 જાતની માછલીઓ મળી આવે છે. જેમાંથી અમુક માછલીઓની પ્રજાતિ હવે લુપ્ત થવાના આરે છે. દરિયામાં છોડાતા પાવર પ્લાન્ટોનું ગરમ પાણી, કારખાનાઓનું હેઝાર્ડસ સોલિડ વેસ્ટ, વધતી જતી ગંદકી, પ્રદૂષણને કારણે માછલીઓ લાંબુ જીવતી નથી.

મોંઘેરી માછલીઓના ભાવ વધુ મળતા હોવાથી માછીમારો તેને પકડવાની લાલચ રોકી શકતા નથી અને એ રીતે લોબસ્ટર, કોમ્પ્રેસ, રાણી ફિશ જેવી પ્રજાતિની માછલીઓની સંખ્યા ખૂબજ ઘટવા લાગી છે. લોબસ્ટર માછલીના એક કિલોના ભાવ બે હજાર રૂપિયા જેટલો હોય છે. કોમ્પ્રેસ સરેરાસ 1000 રૂપિયે કિલો છે. ટીંટણ, ઝિંગા અને રાણી ફિશનું પણ સારું એવું વળતર મળી રહે છે. એટલે જો આવી થોડી માછલીઓ પણ મળી જાય તો માછીમારોનો દરિયાનો ફેરો સફળ થઇ જાય છે. આ મોંઘેરી માછલીઓ જે વિસ્તારમાંથી વધારે માત્રામાં મળતી હોય ત્યાંથી વધુ ને વધુ તેને પકડી લેવામાં આવે છે. પરિણામે તેની સંખ્યામાં વધારો થઇ શકતો નથી. એટલે હવે આમાંની અમુક માછલીઓ તો ક્યારેક જ માછીમારની જાળમાં આવે છે.

ભારત મધ્યપૂર્વના તેલ ઉત્પાદક દેશો અને તેલની આયાત કરતા મુખ્ય દેશોના રસ્તામાં આવે છે, જેથી આપણો સમુદ્રતટ બહુજ ખરાબ રીતે પ્રદૂષિત થઇ રહ્યો છે. લક્ષદ્વિપના કાંઠા પરથી દર પાંચ મિનીટે એક તેલવાહક જહાજ પસાર થાય છે. નિયમીત રીતે આવન-જાવન સિવાય ક્યારેક બનતી દુર્ઘટનાઓ પણ મોટા પાયાપર પ્રદૂષણનું કારણ બને છે. 1973 માં ગુજરાતના દરિયાકાંઠે બનેલી એક જહાજ દુર્ઘટનામાં 3 હજાર ટન કાચુ તેલ પાણીમાં પ્રસરી ગયુ હતું. તેના કારણે પોરબંદર વિસ્તારની તમામ માછલીઓ મરી ગઇ હતી. દરિયામાં તેલ ઢોળાયા બાદ 'ટાર' નામક પદાર્થના નાના-મોટા વૃત્તોની રચના થાય છે. પાણીમાં આ ટારની હાજરીથી માછલીઓ અને અન્ય જીવો શ્વાસ લઇ શકતા નથી, અને મરી જાય છે.

'હેઝાર્ડસ સોલિડ વેસ્ટ' દરિયામાં ભળી જવાને કારણે દરિયાઈ જીવસૃષ્ટિની મોટાપ્રમાણમાં ખાના-ખરાબી થવાની ચર્ચા છાપાઓમાં રોજની થઇ ગઇ છે. વલસાડ નજીકના પર્યટક સ્થળ તરીકે ખ્યાતિ પ્રાપ્ત તિથલના દરિયા કિનારે 4 ઓગષ્ટ, 2012 ના રોજ રામસ પ્રજાતિની સંખ્યાબંધ માછલીઓ અને કાચબા સહિતના દરિયાઈ જીવો મૃત હાલતમાં મળી આવ્યા હતા. વાપી ઈન્ડસ્ટ્રીયલ એરિયાનો હેઝાર્ડસ સોલિડ વેસ્ટ દરિયામાં ભળી જવાને કારણે આ ઘટના બની હતી. જેના કારણે પર્યાવરણવાદીઓમાં અને સમગ્ર વલસાડ પંથકમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી (સ્ત્રોત: સંદેશ-4 ઓગષ્ટ, 2012 સુરત આવૃત્તિ) .

દરિયાકાંઠાના કારખાનાઓનું દુષિત પાણી સીધુ જ દરિયામાં ભળે છે. એટલે દરિયાઈ સજીવો પર જોખમ વધી જાય છે. દૂષિત પાણીના કારણે દરિયાઇ સપાટીના 20-30 કિલોમીટરના વિસ્તારમાં તો માછલીઓ મળતી જ નથી એટલે માછીમારોને દૂરના અંતરની સફર ખેડવી પડે છે.

11. જલજીવોની નિકાસ, ફિશ પ્રોડકશન, પ્રોસેસિંગ અને ટ્રાન્સપોર્ટેશન

ગુજરાતમાથી જલજીવોની નિકાસ મુખ્યત્વે મુંબઈ, પોરબંદર અને કંડલા બંદરોથી કરવામાં આવે છે. હાલમાં ગુજરાતમાંથી સારા એવા પ્રમાણમાં દરિયાઈ જલજીવોની નિકાસ કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં યુરોપ, જાપાન અને ઉત્તર અમેરિકાના નિષ્ણાંતોએ ગુજરાતના સાહસિકોએ હાલમાં અપનાવેલ અત્યાધુનિક મત્સ્ય ઉપચાર માટે વપરાતા સાધનો પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો છે. અત્યુત્તમ ગુણવત્તાવાળા દરિયાઈ ખોરાક માટે તે જેટલો સારો એવો ભાવ આપવા તેઓ તૈયાર હોય છે. આમ, જલજીવોની કુલ નિકાસમાં માત્ર સંખ્યાની દ્રષ્ટિએ ધ્યાન આપવાને બદલે, જો ગુણવત્તાવાળી માછલી પકડવા તરફ વધુ ધ્યાન અપાય તો તે કમાણીની દ્રષ્ટિએ હિતાવહ છે.

ગુજરાત રાજ્ય દેશભરમાં ફિશ પ્રોડકશનમાં પ્રથમ નંબરે છે. જો કે આ ઉત્પાદનમાં ગુણવત્તાવાળી અને અલ્પમૂલ્યવાળી એમ બંને પ્રકારની માછલીઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં થોડાક બ્રાહ્મણો, પટેલો પણ અહીં માછલી ખાતા થયા છે. તેમ છતાં ગુજરાતમાં ફિશ ખાનારાઓની સંખ્યા ખૂબ ઓછી છે. તેથી ગુજરાત પોતાના ફિશ પ્રોડકશનની બાજુના બીજા રાજયોમાં કે બીજા દેશોમાં નિકાસ કરે છે. મહારાષ્ટ્ર, બંગાળ અને દક્ષિણ ભારતના રાજયો માછલીનો ખોરાકમાં ઉપયોગ કરે છે. પરંતુ ગુજરાતમાં કેટલીક જગ્યાએ માછીમારોને માછલી ખાવાનું છોડાવવાના પ્રયત્નો થયેલા જોવા મળ્યા છે. આવા કિસ્સાઓ માછલીની પૌષ્ટિક આહાર વિશે સમાજની અજ્ઞાનતા બતાવે છે. સમાજના સાંપ્રદાયિક સંગઠનો દ્વારા થતા આવા પ્રયત્નોને રોકવા સરકારે ક્રિયાશીલતંત્ર સ્થાપિત કરવું જોઈએ. અને વૈજ્ઞાનિક જ્ઞાન મળી રહે તેવું આયોજન કરવું જોઈએ.

માછલીઓના પેકિંગ, પ્રોસેસિંગ કામ સાથે જોડાયેલા પુરુષો-સ્ત્રીઓનું શોષણ થતું જોવા મળે છે. વેરાવળ જી.આઈ.ડી.સી.માં આવી સ્થિતિ છે. ત્યાં સ્ત્રીઓ માછલી કાપવી, પ્રોસેસ કરવી, પેકિંગ કરવી

વિગેરે વિભાગોમાં બે પાળીમાં કામ કરે છે. તેમને આરોગ્યની સુવિધાની ખૂબ જ જરૂર છે, પરંતુ ત્યાં તેમની આવકમાંથી ભાગ ખાવામાં આવે છે. કારણકે તેઓ અભણ છે. ત્યાં સ્ત્રીઓનું ખુબ જ શોષણ થાય છે. આવી પરિસ્થિતિ જ્યાં- જ્યાં હોય ત્યાં-ત્યાં આ પ્રકારનું શોષણ અટકાવવા પ્રયત્નો કરવા જોઈએ.

ગુજરાતમાં માછલીનો આહાર લેનારાઓ ઓછા હોવાને લીધે આ માછલી બીજા રાજ્યોમાં મોકલવામાં વેર હાઉસીંગ, કોલ્ડ સ્ટોરેજ, તેના પેકિંગ, ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધે છે. તેની સાથે સાથે આપણે ત્યાં માછલીનું માર્કેટીંગ પણ બરાબર ન હોવાથી માછલીની બજાર કિંમત ટ્રાન્સપોર્ટેશન બાદ ખૂબ વધી જતી હોવા છતાં માછીમારોને તેનું વળતર મળતું નથી. આ બધાના વિકલ્પ તરીકે સ્થાનિક કક્ષાએ જ માછલી વેચાણના બજાર વિકસિત કરવાથી માછીમારોને આવકમાં ફાયદો થઇ શકે છે.

12. ઔધોગીકરણની અસર

ગુજરાતમાં દરીયાકિનારે જેમ જેમ ઔધોગીકરણ વધતું જાય છે તેમ તેમ કાંઠા વિસ્તારના માછીમારો અને કાંઠાની અન્ય પ્રજા (સ્થાનિક ખેડૂતો, કારીગરો, વણકરો, ચર્મકારો, પશુપાલકો)ની તકલીફો વધતી જાય છે. આજે તેઓ આઝાદ ભારતમાં સુખની નીંદર લઈ શકતા નથી. દરીયાકિનારે જમીન અને કુવાઓનું પાણી ખારૂ થઈ ગયુ છે. પીવાનું પાણી કાંઠાના વીસ કિલોમીટરના વિસ્તારમાં મળતું નથી. જ્યાં અગાઉ સ્થાનિક પાણીના અખૂટ સ્ત્રોત હતા ત્યાં હવે પાણીના ટેંકર આવે છે. ગામના લોકો ટીપું પાણી મેળવવા અંદરો અંદર સંઘર્ષકરતા  થઈ ગયા છે. ઘણીવાર પાણી ન મળતા કાંઠાના લોકો જેવું તેવું ખારૂ પાણી પી લે છે, પરંતુ મહેમાનોને, મુલાકાતીઓને પોતે સાચવી રાખેલા વરસાદી પાણીની ચા બનાવીને આપે છે. આ રીતે દરીયા કિનારાની મહેનતુ પ્રજા લાચાર બની ગઈ છે. કિનારાના ગામોની સમરસતા ખોવાઈ ગઈ છે.

દરિયાકિનારે ખેતી લગભગ બંધ થઈ ગઈ છે. એક વખત વાડીઓ માટે પ્રખ્યાત માંગરોળ કે મહુવાની વાડીઓ નાશ પામી છે. ખેતી બંધ થતાં  બેકારી વધી છે. વિરાટકાય વિદેશી જહાજો દરીયાકાંઠે માત્ર માછલીઓ જ નહીં, એના ઇંડા સુધ્ધા ઉસેડી જાય છે. માછીમારોની જાળ, બોટ વિગેરેને નુકશાન કરે છે. નાના માછીમારોને, પગડીયાઓને કિનારાના વિસ્તારમાં માછલીઓ મળતી નથી. જેના કારણે સ્થાનિક માછીમારો આંસુ સારે છે. બેકારી અને ગરીબીમાં દરિયાકાંઠે દાણચોરી અને રાષ્ટ્રવિરોધી (સુરક્ષાભીતિની) સ્થિતિનું નિર્માણ થવાની શક્યતા દેખાય છે. દરિયાકાંઠે ત્સુનામી જેવી આપત્તિમાં પણ સુરક્ષા પુરી પાડે એવી ચેર (મેન્ગ્રુવ્સ) જેવી વનસ્પતિઓનું નીકંદન નીકળી રહ્યું છે. ચર્મ ઉદ્યોગમાં ચામડા પરથી વાળ કાઢવા માટે વપરાતી સ્થાનિક વનસ્પતિનો નાશ થઈ રહ્યો છે.

13. જમીન સંપાદન પ્રવૃત્તિ

હજીરા વિસ્તારમાં મોટા પાયા ઉપર ઓદ્યોગિક ઉત્પાદન અને આંતર રાષ્ટ્રીય હેરફેર થઇ રહી છે. તે જોતા એક અદ્યતન બંદરની જરૂર છે. એક બહુરાષ્ટ્રીય કંપનીએ બંદર બાંધવાનું આયોજન કર્યું છે. પરંતુ વિસ્તારના સમુદાયને વિશ્વાસમાં લેવામાં ન આવ્યા હોવાથી તેઓ આ પ્રવૃત્તિને શંકાની નજરે જુએ છે. અને માને છે કે બંદરથી તેમની મુશ્કેલીઓમાં વધારો થશે. સ્થાનિક રહીશોના મતે જે કંપની બંદર બાંધવાની છે, તે પોતાના કર્મચારીઓ માટે આવાસ-કોલોની પણ બાંધશે અને જેને માટે તેમની વધુ જમીન સંપાદન થશે. તેથી બંદરને લગતી જમીન સંપાદનની પ્રવૃત્તિથી માછીમારીના વ્યવસાયને વધુ અસર થશે (આચાર્ય: 2006) .

આમ જમીન સંપાદનને લીધે માછીમારોના વ્યવસાય પર અસર પડતી હોય તો તે અટકાવવી જોઇએ, તેમની જમીન સંપાદન કરતા પહેલા તેમની ઈચ્છા જાણવી જોઇએ અને જો તે પોતાની જમીન સંપાદિત કરાવવા તૈયાર થાય તો તેમણે આર્થિક વળતર ચુકવણીની સાથે-સાથે નવી યોગ્ય કાયમી રોજગારી, તેમને નવા સગવડવાળા રહેઠાણો, તેમના બાળકો માટે શિક્ષણની સગવડ એટલે કે તેમની કમ સે કમ ત્રણ પેઢી (100 વર્ષ) સુધીનું આયોજન કરવું વિગેરેને પ્રાથમિકતા આપવી કે જેથી તેમનું સાચું પુનર્વસન થઇ શકે.

પરંતુ જમીનની ખરીદી ખાનગી રાહે થતી હોવાથી અસરગ્રસ્તોના પુનર્વસનની નીતિનો અમલ થતો નથી. કેટલીક જગ્યાએ ઉદ્યોગોએ પોતાની એસેટસ્ (વસાહતો) ઉભી કરી હોવાથી કિનારાના લોકોના રસ્તા, યાતાયાતના પરંપરાગત અધિકારોનો ભંગ થાય છે. બંદરોના વધી રહેલા ટ્રાફિકથી માછીમારોને મુશ્કેલી સહન કરવી પડી રહી છે.

14. સંપ્રદાય કે સંગઠનો દ્વારા થતાં ખોટા પ્રયાસો

થોડા વખત પહેલા સ્વાધ્યાય પરિવાર દ્વારા માછીમારોને 'સુધારવા' માટે તેમને સંસ્કૃતના શ્લોક બોલતા કરાયા હતા. આમ કરવું તે બરાબર નથી. કારણ કે તેથી તેમને આ વ્યવસાયમાં કોઈ લાભ થતો નથી. તેમ કરતા તેઓ ઉલટાના પોતાના વ્યવસાયથી દૂર થયા હતા (શાહ અને શેઠ : 1998) . આની જગ્યાએ જો તેમણે અંગ્રેજી ભાષા શિખવાડવાનો પ્રયત્ન કર્યો હોત તો ચોક્કસ તેનાથી તેમને ફાયદો થાત. આ રીતે માછીમારોને કોઇ સંપ્રદાય કે ધાર્મિક સંગઠન છેતરે નહી કે અવળે માર્ગે ન ચઢાવે તેની તકેદારીની સરકારશ્રીની વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. આ માછીમારોને એવી જ બાબતો શિખવાડવી જોઇએ કે જે તેમને તેમના કૌટુંબિક જીવન અને વ્યવસાયમાં ઉપયોગી બની શકે.

15. સમાજ દ્વારા બહિષ્કાર

માછીમારી વ્યવસાય જે હજારો લોકોને રોજગારી આપે છે તેને નેતાઓ, સરકારી અધિકારીઓ, પોલીસો અને મંદિરોના ધાર્મિક નેતાઓ દ્વારા ગંદકી, અસ્વચ્છતા અને ધાર્મિકતાને બહાને હટાવવાના પ્રયત્નો થાય છે. આ બાબત તે બતાવે છે કે માછીમારો જે મહેનત મજૂરી કરે છે તેમને માટે તેઓ કોઇ આદરભાવ ધરાવતા નથી. ઝીણાભાઈ દરજી જેવા નેતા ગુજરાતમાં બહુ ઓછા છે કે જેઓએ આખાબોલા હોવાને કારણે માંડ આજીવિકા મેળવતા લોકો માટે મંદિરો પ્રત્યે વિરોધ નોંધાવ્યો છે અને આવા નિર્ધાર લોકોની પડખે રહ્યા છે (શાહ : 2006) .

16. નેતૃત્વનો અભાવ

ઓછી આવક, ગરીબી, વેચાણ – મધ્યસ્થીઓ અને વેપારીઓ દ્વારા શોષણ, ભણતરનો અભાવ, જાનનું જોખમ, અસલામત જીવન, સ્થળાંતર, સમાજ દ્વારા ઉપેક્ષા અને બહિષ્કાર, નવી ઔદ્યોગિક સાહસિકતાનો અભાવ વગેરેને કારણે ગુજરાતના માછીમારોની અંદર નેતૃત્વ વિકસિત થયું નથી. મોટા માછીમારો સંગઠિત છે પરંતુ નાના માછીમારો સંગઠિત થઈ શકતા નથી. કેટલીક જગ્યાએ દરિયાકિનારે માછીમારોની મંડળીઓ થઇ છે. કેટલીક સંસ્થાઓના પ્રયાસોથી મુંદ્રામાં બંદરપંચાયતની રચના થઈ છે. પરંતુ, તેમનો કોઈ રાજકીય પ્રભાવ ઉભો થઇ શકયો નથી. નેતૃત્વના અભાવને કારણે માછીમારોનો કોઇ રાજકીય અવાજ નથી. સંસદમાં તેમના વિશે કોઇ ખાસ પ્રશ્નો નથી પુછાતા અને જયારે દરિયામાં પાકિસ્તાની સેના દ્વારા મુસ્લિમ માછીમાર પકડાય છે ત્યારે તેમની સાથે 'પાકિસ્તાની' અને 'મુસ્લિમ' શબ્દ જોડી દેવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં પાકિસ્તાની સેના દ્વારા કેટલાય માછીમારો પકડાયાની ઘટના છાપાઓમાં આવી છે. આવી પરિસ્થિતિમાં જો માછીમારોનો દોઢ – બે વર્ષે જેલમાંથી છુટકારો થાય તો માછીમારનું કુટુંબ સંકટમાં આવી જાય છે. તેવા કુટુંબો માછીમારીના પુરાવાના અભાવે પણ પોતાની રજૂઆત સરકાર સામે અસરકારક રીતે ન કરી શકતા હોય તેવું જોવા મળ્યું છે. નેતૃત્વના અભાવને કારણે માછીમારોમાં ઉભુ થતું આ વિશિષ્ટ પ્રકારનું સંકટ છે (ચૌહાણ: 2007) . માછીમાર થોડા સમયના જેલવાસ બાદ છૂટી તો જાય છે, પણ બોટ પરત આપવાની કોઈ જ વિધિ થતી નથી એટલે ભારત આવ્યા પછી ફરીથી આજીવિકા માટે નવા પ્રયાસો કરવા પડે છે. આમ પાકિસ્તાન જઈ ચડવાના ડરને કારણે હવે માછીમારો સ્થાનિક માછીમારી જ કરે છે. પરિણામે તેની અસર માછીમારની આવક અને મત્સ્ય ઉત્પાદન પર પડે છે.

17. ગુજરાતમાં પ્રવાસન પ્રવૃત્તિ

ભારતમાં સૌથી લાંબો સમુદ્રતટ ગુજરાત પાસે છે. આમ છતાં કેરલા કે ગોવા જેવા નાના અને મર્યાદિત સમુદ્રતટ ધરાવતા રાજયોમાં જેટલા પર્યટકો આવે છે, તેના કરતાં ખૂબ જ ઓછા તટીય પર્યટકો

ગુજરાતમાં આવે છે. ગુજરાતમાં તટીય પ્રવાસન પ્રવૃત્તિ કેમ વેગ નથી પકડતી તેનું વિશ્લેષણ વિદ્યુત જોષીએ કર્યું છે. તેમના મતે સૌથી મહત્વની બાબત એ છે કે આપણે એક પ્રજા તરીકે આપણો સ્વભાવ બદલવો પડશે. પર્યટકોના અહમને પોષવાનું, સાફસફાઈ રાખવાનું, નાની છેતરપીંડીથી દૂર રહેવાનું વગેરે શિખવું પડશે. જો ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગની આવક વધે તો ગુજરાતના માછીમારોને પણ ફાયદો થઇ શકે છે. આમ, આ પ્રવાસન ઉદ્યોગનો મુદ્દો માછીમારોના મુદ્દા સાથે સંકળાયેલો છે (જોષી : 2006) .

18. ગુજરાતમાં બંદરોના વિકાસની સમસ્યાઓ

ગુજરાતમાં કંડલા અને વાડીનાર બંદરને બાદ કરતાં મધ્યમ કક્ષાના 11 બંદરો અને 27 નાના બંદરોનું સંચાલન ગુજરાત મેરિટાઇમ બોર્ડ (જી.એમ.બી.) કરે છે. સરકારની જાહેર થયેલી બંદરનીતિ અનુસાર ખાનગી ધોરણે પણ બંદર વિકસાવવાનું નક્કી થયેલ છે. ગુજરાતમાં મુખ્યત્વે પીપાવાવ અને મુંદ્રા બંદર ખાનગી ધોરણે સંચાલિત છે. ગુજરાતમાં કંડલા મુખ્ય (મેજર) બંદર છે જેનો વહીવટ મુંબઇ પોર્ટ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત જામનગર નજીક આવેલા વાડીનાર બંદરનું પણ કંડલા પોર્ટ ટ્રસ્ટ દ્વારા સંચાલન થાય છે. મેજર પોર્ટ એ ભારત સરકારના ટ્રાન્સપોર્ટ અને સરફેઝ વિભાગના સીધા નિયંત્રણ હેઠળ કાર્યરત છે. મધ્યમ કક્ષાના બંદરોમાં માંડવી, નવલખી, બેડી, સિક્કા, પોરબંદર, વેરાવળ, જાફરાબાદ, ભાવનગર, સુરત, મગદલ્લા, હાજીરાનો અને નાનાં બંદરોમાં જખૌ, મુન્દ્રા, જોડિયા, સલાયા, માંગરોળ, પીપાવાવ, ઘોઘા, મહુવા, તળાજા, અલંગ, સચાણા, દહેજ, ભરૂચ, બિલીમોરા, વલસાડ, ઉમરગામનો સમાવેશ થાય છે. અન્ય ઉપેક્ષિત બંદરો છે.

પરંતુ ગુજરાતના બંદરો પર કેટલીક સમસ્યાઓ જોવા મળે છે. બંદરોની મુખ્ય સમસ્યા ડ્રેજિંગની છે. ભરતી વખતે પાણી સાથે કાંપ દરિયાકાંઠે ભરાઇ રહે છે. તે કાંપ દૂર કરવા માટે સતત ડ્રેજિંગ કરવું પડે છે. દરિયાકિનારે કસ્ટમની અપૂરતી સુવિધા જોવા મળે છે. બંદરોના સર્વાંગી વિકાસ માટે બંદરોને તેના પીઠપ્રદેશો સાથે જોડતી વાહનવ્યવહાર, રેલ્વે વ્યવહારની અપૂરતી ખામીયુક્ત સુવિધા જોવા મળે છે, જેથી બંદરો પર સામાન આપ-લેમાં સમયનો વ્યય થાય છે. બંદરો પર માલસામાન સંગ્રહના સ્ટોરેજની અપૂરતી સુવિધા છે જેથી ચોમાસા દરમ્યાન બંદરોને ભારે નુકશાન થાય છે. બંદરો પર વીજળી, મીઠા પાણીની પુરતી સુવિધાનો અભાવ જોવા મળે છે. બંદરો પર આંતરિક સુવિધાનો અભાવ જોવા મળે છે. આવી પરિસ્થિતિઓ હોવા છતાં આ દરિયાકિનારાના માછીમારોની કોઇને ચિંતા નથી. રાજય સરકાર દ્વારા બંદર વિકાસ માટે આયોજન થતું નથી. કેન્દ્ર સરકારે જાહેર કરેલી વિદેશ વેપારનીતિમાં બંદરોના વિકાસ માટે ભાગ્યેજ આયોજન કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશના મેજર પોર્ટના વિકાસ માટે આયોજન થાય છે જયારે વિકસિત મધ્યમ અને નાના કદના બંદરોના વિકાસ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે (શાહ : 2007) .

19. સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના

ગુજરાત સરકારે રાજ્યના દરીયા કિનારાના વિસ્તારોમાં આવેલ તાલુકાઓના વિકાસ માટે રાજ્યના 13 જિલ્લાઓના કુલ 38 તાલુકાઓમાં સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના વર્ષ 2007-08થી અમલમાં મૂકી છે. મત્સ્યોદ્યોગ ખાતાને લગતી યોજનાઓમાં મુખ્યત્વે માછીમાર યુવાનોને તાલીમ આપવી, મત્સ્ય બીજનું ઉત્પાદન અને ઉછેર કરવું, માછીમારોને બોટ-નેટ પૂરી પાડવી, ઇન્સ્યુલેટેડ બોક્ષ પૂરા પાડવા, ડીઝલની ખરીદી ઉપર ચૂકવેલ વેટ ઉપર રાહત આપવી, ભાંભરાપાણી મત્સ્યોદ્યોગ માટે જમીન ફાળવણીની ભલામણ કરવી, જળાશય મત્સ્યોદ્યોગનો વિકાસ, પગડીયા માછીમારોને સહાય, માછીમારો માટે આવાસની યોજનાનું અમલીકરણ કરવું, મત્સ્ય બંદરોનો વિકાસ કરવો જેવા મુખ્ય ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે. આ સિવાય આ યોજના અંતર્ગત પાકિસ્તાન દ્વારા કેદ કરાયેલ માછીમારના પરિવારને પ્રતિ દિવસ 300 રૂપિયા ચૂકવવામાં આવે છે અને માછીમારનું મૃત્યુ થાય કે 1 વર્ષમાં માછીમાર પોતાના ઘરે ન આવે તો તેના પરિવારને રૂપીયા બે લાખની સહાય આપવામાં આવે છે.

## ઉપસંહાર

પ્રાચીન સમયના ગુજરાતના બંદરીય નગરો, તેની સંસ્કૃતિ કે જાહોજલાલીનો દરિયા કિનારાના માછીમારોના જીવન ઉપર કોઈ પ્રભાવ પડ્યો નથી. દક્ષિણ ગુજરાતનો માછી સમુદાય રાજપૂત વંશના વંશજો છે અને ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશના મૂળ નિવાસી છે. તેઓ ‘દરિયાપીર’માં શ્રદ્ધા ધરાવે છે. સૌરાષ્ટ્રના માછીમારોનું ‘ક્રુ’ ઓર્ગેનાઈઝેશન માછીમારોની માહિતી આપે છે. કચ્છના મુન્દ્રાના દસ નાના બંદરો પર રહેતા માછીમારોની સમસ્યાઓ ગંભીર છે. વેરાવળનો મત્સ્ય ઉદ્યોગ માછલીની નિકાસની બાબતમાં મહત્વ ધરાવે છે. આપણા ત્યાં ચેર (મેન્ગ્રુવ્સ) વિશે લોકજાગૃતિનો અભાવ છે. માનવ પરિસ્થિતિશાસ્ત્રની દૃષ્ટિએ દરિયામાં જલ-જીવોની અસલામતી, જલ-જીવની નિકાસ, ફિશ પ્રોડક્શન, પ્રોસેસિંગ, ટ્રાન્સપોર્ટેશન, ઔદ્યોગીકરણની અસર, જમીન સંપાદન પ્રવૃત્તિ, માછીમારોનો સમાજ દ્વારા બહિષ્કાર, પ્રવાસન પ્રવૃત્તિ, નેતૃત્વનો અભાવ, બંદરોનો વિકાસ, માછીમારોની આવક વગેરે મુદ્દાઓ પણ વિચાર માંગે છે. સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજનાના લાભાર્થીઓનો સંશોધન અભ્યાસ કરીને આ યોજનાના પરિણામો જોવાની જરૂર છે.

સંદર્ભસૂચિ

અંગ્રેજી સંદર્ભ :-

1. Abbasi, Parvez A. 2005 “Education, Occupation and Communication : A Study of Social Change in fishing Community of South Gujarat”, Emerging Trends in Development Research. Vol.12, No.1-2, pp 17-22, 2005.

2. Acheson J. M. and Wilson, J. A. 1996, "Order out of chaos : the case for parametric fisheries management". American Anthropologist 98 : 579-94.
3. Lipuma, E. and Meltzoff, S. K., 1994, "Economic mediation and the power of association : toward a concept of encompassment". American Anthropologist 96 (1) : 31-51.
4. Palsson, G., "Fishing Societies", International Encyclopaedia of Social & Behavioral Sciences, Volume-8, Page-5701-5705.
5. Shah, V. P. and Sheth, N. R., : "Swadhyaya : Social Change through Spiritually in Dantwala" (Ed.) Social Change through Voluntary Action, New Delhi, Sage, 1998.

ગુજરાતી સંદર્ભ :-

1. આચાર્ય, આકાશ, "જમીન સંપાદન, બેકારી અને બહેનોનો આર્થિક પ્રવૃત્તિમાં ફાળો : હજીરા વિસ્તારની ઔદ્યોગિક પટ્ટીનો અભ્યાસ", અર્થાત, જુલાઇ-સપ્ટેમ્બર અને ઓક્ટોબર-ડિસેમ્બર 2006.
2. ચૌધરી તુકારામ એન. અને પટેલ મિનાક્ષી, "ભરૂચના કુદરતી સ્ત્રોતો અને માનવ-સર્જિતનો ઈતિહાસ", અર્થસંકલન, જાન્યુઆરી-2007.
3. ચૌહાણ, પરેશ. "ભારતમાં માછીમારો- કેટલાક નિરીક્ષણો", યોજના, વર્ષ-34, અંક-2, મે-2007, સળંગ અંક-677, પૃષ્ઠ-49 થી 55.
4. જાની, ગૌરાંગ, "ગુજરાતમાં જ્ઞાતિ અને જ્ઞાતિજનો", જોષી, વિદ્યુત (સં.) : ડૉ.તારાબેન પટેલ સ્મૃતિગ્રંથ સમકાલીન ગુજરાતી સમાજ, ગુજરાત સમાજિક સેવા મંડળ વતિ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 2013.
5. જોષી, વિદ્યુત. "સમુદ્ર તટીય પ્રવાસનના પડકારો", દિવ્ય ભાસ્કર લેખ, 2007.
6. ત્રિવેદી, જ. પો., માછલીનું તેલ, ગુજરાતી વિશ્વકોષ, ખંડ-15, પૃષ્ઠ-645-64.
7. દુબળે, મહાદેવ શિ., મત્સ્યોધોગ, ગુજરાતી વિશ્વકોષ, ખંડ-15, પૃષ્ઠ-89-106.
8. પટેલ, રાહુલ, "ચેર (મેન્ગ્રુવ્સ) – એક કલ્પવૃક્ષ", વિજ્ઞાન દર્શન, સળંગ અંક 415, અંક-11, ડિસેમ્બર-2012.
9. પટેલ, હરિભાઈ "માછીમાર સમુદાયોના દરિયાઈ પર્યાવરણ સામેના પ્રતિભાવો : સૌરાષ્ટ્રના સંદર્ભમાં સમાજશાસ્ત્રીય અભ્યાસ" ચોથુ અધિવેશન (માર્ચ-27-28, 1993), ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના સુરત ખાતે ખૂલ્લી ચર્ચા સભામાં રજૂ કરવામાં આવેલ અગ્રલેખ.
10. મેસવાણિયા, હર્ષ, "મત્સ્ય ઉધોગ : કીડી સંઘરે ને તેતર ખાય" સંદેશ, અર્ધસાપ્તાહિક, પાના નં.-16, એપ્રિલ, 3, 2013.

11. લીગલ રીપોર્ટર, 'મુંદ્રાના મેન્ગ્રોવના નિકંદન બદલ અદાણી સામે અરજી', દિવ્ય ભાસ્કર સમાચાર, અમદાવાદ પૂર્તિ, પાના નં.-6, 17 ઓક્ટોબર-2021.

12. શાહ, એચ. એમ., "ભારતીય બંદરો-વિકાસ-સમસ્યાઓ", અર્થસંકલન, જાન્યુઆરી-2007.

13. શાહ, ગુણવંત છો. "ગુજરાતનો આર્થિક ભવ્ય ભૂતકાળ, લેખાંક : 1, 2 અને 3", ગુજરાત સમાચાર લેખ, 'નેટવર્ક' કોલમ ક્રમશઃ માર્ચ 4, 6 અને 10, 2009.

14. શાહ, ધનશ્યામ, "ઝીણાભાઈ દરજી અને ગુજરાતનું રાજકારણ" અર્થાત, જુલાઈ-સપ્ટેમ્બર અને ઓક્ટોબર-ડિસેમ્બર 2006.

15. ચૌહાણ, પરેશ. "ભારતમાં વંચિતની વિભાવના-વ્યક્તિ અને રાજ્ય", સમાજકારણ, ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર, વર્ષ-12, જાન્યુઆરી-2018, અંક-1, પાન નં. 24-37

16. સંદેશ સમાચાર, સુરત આવૃત્તિ, 4 ઓગસ્ટ 2012.

વેબસાઈટ :-

1. https://cof.gujarat.gov.in/sagar-khedu-sarvangi-vikas.htm
2. https://dof.gov.in/sites/default/files/2021-11/Gujrati_INDIAN_MARINE_FISHERIES_BILL_2021.pdf

**ડૉ.પરેશ ચૌહાણ**

આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ,

સ્કૂલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ (shss)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

E-mail : pchauhan1374@yahoo.co.in